બાદશાહી

ગાયન માળા



પ્રકાશકઃ—ખાન શ્રી મહમુદ એન્ડ મહમદભાઈ

બુકસેલર એન્ડ પબ્લીશર્સ.

કિંમતઃ આના આઠ.

બોલતી ફોનોગ્રાફ

—: ઉર્ફે :—

બાદશાહી ગાયનમાળા

ભાગ ૧ થી ૨૪

છપાવી પ્રસિદ્ધ કરનાર:—

કાગદી મહમુદ એન્ડ મહમદભાઈ

બુકસેલર એન્ડ પબ્લીશર.

૬૦ સ્ટેશનરોડ, અલાયાની વાડી સામે—સુરત.

આવૃતિ ૧ લી. સને ૧૯૨૯.

સુરત—બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમાં આવેલા

શ્રી 'અનાવિલ બંધુ' પ્રીન્ટીંગ પ્રેસમાં

ગોવન્દજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.

કીમત ૧૨ આના.

સંત મંડળ માટે ભજનની બુકો

તૈયાર છે ?

સંત સમાન ભજનાવળી કી. ૧-૦-૦

ભજન ભંડાર. કી. ૦-૮-૦

ભજન સાગર. કી. ૦-૮-૦

પારસમણી ભજન સંગ્રહ. કી. ૦-૮-૦

ઉપર મુજબ ચાર નામવાળી ભજનની બુકો તદ્દન નવીન છપાઈ બહાર પડી છે. આ બુકોની અંદર સંત મંડળમાં ગવાતાં પ્રખ્યાત ભજન, આરતી, થાળ, ધોળ, ઇશ્વરસ્તુતી તથા એકતાળી ભજન અને અમદાવાદ, મુંબાઇ તથા ડાકોરની બેઠકનાં પ્રખ્યાત થએલાં મહાન ભકતોનાં ઓચ્છવનાં ઉભાં ભજનોનો અમુલ્ય સંગ્રહ કરવામાં આવ્યો છે. માટે હરેક સંત મંડળના ગ્રાહકોને ખરીદ કરવા ભલામણ કરીએ છીએ.

કીંમત **આઠ** આના.

કાગદી મહમુદ એન્ડ મહમદભાઇ બુકસેલર.

ઠે૦ મલાયાની વાડી સામે—સુરત.

બોલતી ફોનોગ્રાફ

—※ ઉર્ફે ※—

બાદશાહી ગાયનમાળા.

સંસાર સાગર—

હું તો નાજુક તબીયતવાળી, મારી તબીયતને સાચવજો,
મારા મિજાજને સંભાળી, મારી તબીયતને સાચવજો.
મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી,
વાત કરે કોઇ ગુસ્સે થઇ તો, ધડકે છાતી મારી.
ઉઠી સવારે આઠ વાગતાં, તરતજ ચા પીનારી,
લેટ થાય તો જો મીનીટ એક તો, તબીયત જાશે મારી.

સંસાર સાગર—

ઘરને સંભાળી રાખતાં, વાડી જતી રહી;
લટકાળીને લોભાવતાં, લાડી જતી રહી.
સીધી સડક જાતો હતો, ત્યાં થાંભલો નડયો,
મોટર અમારા પ્રેમની, ગાડી જતી રહી.
જાવું હતું દાદર ઉપર, પણ ભાન ના રહ્યું,
એ મોહમાં માહીમની, ખાડી જતી રહી.

સંસાર સાગર—

જવાની રાતે રીસાઈ બેઠા, મનાવા ગઇ તો કહે કે ઉંહું;
પૂછયું મેં છે કાંઇ ગુન્હો અમારો, કહોને કઇ તો કહે કે ઉંહું.
ગુલાબ ડોલર ગુંથીને લાવી. પુછયું કે બેમાં ગમે શું તમને?
નયન નચાવી જરાક હાંસી કરી મેં, ત્યાં તો કહે ઉંહું.
હું યે તોફાની ને એ હઠીલા, નમ્યું ન બેમાં એકેય આપે;
હૃદય કહે કે કલહ તજી દ્યો, હઠીલી જીભે કહ્યું કે ઉંહું.
મને રહાવી રડયા હતા એ, હસ્યા હસાવ્યા વિના સિધાવ્યા;
પછી મેં કાગળ લખ્યો ક્ષમાનો, જવાબમાં એ લખે કે ઉંહું.

સંસાર સાગર—

નોનસેન્સ, એક ડગલું કેમ ભરાય?
આ ટેન્ડર પગ લચકાય,
મુવા શોફરને શું થાય?
સ્કુલટાઇમ તો થયો છે ઓવર,
મોટર નવ દેખાય.
પ્રેક્ટીસ વીણ કેમ ચલાય? નહીં એટીકેટ સચવાય;
અમ્બ્રેલા તો લાવી નથી, આ તડકો કેમ સ્હેવાય?
સ્પેક્ટીકલ્સ ભુલી આવી ઘેર હું, રસ્તો નવ દેખાય;
હજી સુધી રામો નથી આવ્યો, પુસ્તક કેમ ઉંચકાય?
હવેથી ભણવા નહીં અવાય.

સંસાર સાગર—

અમારો બંગલો સાગરને કાંઠડે, એકલડાં કેમ કરી રહીએ!
સીમલા ને કેશ્મીર છેટા રહ્યાં,
કહો હવા ખાવાને ક્યાં જઈએ!
માથેરાન દેવલાલી જોવાં ગમે નહીં,
ચાર પાંચ સીઝન રહી થાકી ગઈ;
મોટરમાં બેસવા ગમતા નથી હવે ક્યારે એરોપ્લેન લઈએ!
એવણ અમારી સાથે આવે તો, લંડન અમેરીકા જઈએ!

સંસાર સાગર—

છે કર્મકથા મમ ન્યારીરે, હું તો ના પરણી ના કુંવારી,
હું કુલીન કુટુંબની નારી રે, ભર દુનીયામાં દુઃખીયારી.
રસિક પંખીણી રાજહંસી, સંસાર સરોવર રમતી;
હંસ બની કોઇ કાગ આવ્યો, મને છેતરી મુકી ભમતી.
પરણીને જ્યાં બની પનોતી, યુવતિ બની મટી બાળા,
સૌભાગ્ય ગયાં, વિધિ વૈરી થયા, ગારે કરમે આવ્યા કાળાં.
તન સળગ્યાં, પણ મન નહીં સળગ્યાં, લાલચ ગઇ લલચાવી;
કોઇ વિલાસીએ સપડાવી, મને વનવગડામાં રખડાવી.
પ્યાલી સુધાની બતાવી ગયો, નર નટખટ વિષ પીવરાવી;
વેશ્યાને ઘર વાસ વસાવા, નિર્લજ્જ જાળ બિછાવી.
હસવા ગઇ દુનીયાને, હાથે કરી મેં હાંસી કરાવી;
કોને કહું? ક્યાં જાઉં? મને ગયું છેકજ ભાન ભુલાવી.

સિરાજુદ્દૌલા—

પુછો કોઇ પરવાનાને !

શમા પર બળી મરવાને, અધીરા થતા એ શાને ?

ન જાણે કોઇ એમાં મજા શું દીવાનાને.

દીપકમાં ઝળકી રહ્યો, અજબ પ્રેમનો રંગ;

સુંદરતાના શોખમાં સળગી મરે પતંગ.

સિરાજુદ્દૌલા—

એ ગઇ છતાં એની છબી આવે નજરમાં,

આંખો ગજબ જાદુ ભરી ખુંચી જીગરમાં.

દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,

રાખે હજારો તીર કાતીલ વાંકી ભમરમાં.

ગાલો મહીં લાખો ગુલોની લાલી છુપાવી,

ઉભી'તી નજાકત ભરી એ રશ્કેકમર ત્યાં.

પરવા ન તાજો તખ્તની એ નાજો અદાપર,

વણમુલ વેચાયા અમે માશુકના કરમાં.

સિરાજુદ્દૌલા—

મધરાતડી વીતી ગઇ પણ આંખડી હજી ના મળી,

ઝુરેનજર થઇ આકળો દીલબર વિના બે બાકળી.

રશ્કે કમરની રોશનીથી રોશની ઝાંખી થઇ;

એ રોશનીને શું કરૂં દીલ રોશની ના ઝળહળી.

ક્યાં સુધી કરવી સબર દીલદારને કે ના કદર,

એ સબરમાં ને સબરમાં દીલદાર થઈ ગઇ દુબળી

સિરાજુદ્દૌલા— (સાખી)

જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે,
બદલો બુરા ભલાનો, અહીંનો અહીં મળે છે.
ઉંચે ચડે છે ત્યારે, સહુને જે તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે, ત્યારે સમજ પડે છે.
હસતાઓને રડાવે, રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઇ, આખર નહીં રહે છે.
આપ્યા વિના ન મળશે, વાવ્યા વિના ન ફળશે,
ઇન્સાફ એજ કુદરત, અહીંનો અહીં કરે છે.

રા' કવાટ—

જુઓ સ્વામી રામનાં કર્મો કેવાં દુનીઆમાં ઠર્યાં છે.
ધરો ધર્મ હૈયે તમે પ્રભુ રામનો,
સાર સંસારનો વડીલની સેવામાં છે.
સમજે સપુત એ સાચો બીજો રામ છે.
શ્રવણની ભક્તિ કેવી હતી ભીષ્મની પણ તેવી.
કંઈ અમર પુત્રો પીતૃ ભક્તિથી ઠર્યાં છે.

રા' કવાટ—

દુખી કે દરદીઓ કોઇ, ભૂલેલા માર્ગવાળાને,
વીસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.
ગરીબની દાદ સાંભળવા, અવરના દુઃખને હળવા,
તમારા કર્ણ નેત્રોની, ઉઘાડી રાખજો બારી.

અતી ઉજાસ કરનારા, તીમીરનો નાશ કરનારા,
કિરણને આવવા સારૂ, ઉઘાડી રાખજો બારી.
થયેલાં દુષ્ટ કર્મોનાં, છુટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની ન્હાની, ઉઘાડી રાખજો બારી.

શાલિવાહન—

અમર કામ જે કરે જગતમાં, તે નર અમર ગણાય,
જગ કલ્યાણે જીવન વીતાવે, યુગ યુગ એ પૂજાય;
મનુષ્યમાં તે જન દેવ મનાય.
આત્મ ત્યાગના ઉજવળ વૃતના, ઘર ઘર ગીત ગવાય.
જેમ પુષ્પ ખરી કરમાય,
પણ વાસ વિમળ રહી જાય.
કીર્તવાસના કીર્તિવંતની અખિલ જગે ફેલાય.

શાલિવાહન—

હાયરે સુવા મધુકરની બીક છે અપારરે,
ફુલડાં થોડાં ચુંટયાં મેં સોહામણાં.
ગુણીયલ ગુલાબ તોય કાંટા ભરેલો,
મોગરો તો માનમાં મરે છે;
ચંપાની વાસ તો સ્હેજે સ્હેવાય ના,
કેવડામાં કાંટાનો મારરે—ફૂલડાં.
કાંટા વિનાનો સુવાસથી ભરેલો,
હૈયે તે હીમશો લાગે;
દીલને ડોલાવે એવા ડોલરીયો,
હું તો ગુંથીશ એનો હારરે—ફૂલડાં.

શાલિવાહન—

સુખની ગણાય છાયા, કમનીય જેની કાયા;
આરામ ત્યાં છુપાયા, રમણી મહાન માયા.
મદમસ્ત હસ્તીઓનાં, કુંભસ્થળો વિદારે;
કે લાખ ખડગથી જે, રોકાય ના લગારે,
તે સ્હેજમાંજ ઓના, કરપાસમાં કસાયા—રમણી.
અલકાવળીની લટમાં, કે રક્ત અધર પટમાં,
દ્રગ બાણની ઝપટમાં, કે ઉભય ઉરજ ઘટમાં;
લપટાય નહીં એવા, નર કોઈ નથી સુઝાયા—રમણી.
જો સ્વર્ગ હોય શ્યામા, સંસાર સ્વર્ગ સમજો;
જો નર્ક હોઇ નારી, તો જગત નર્ક સમજો,
પણ સર્વ જીંદગીનાં, સુખ દુઃખ ત્યાં છુપાયાં—રમણી.

શાલિવાહન—

માણું તમારી માયા, કાયા હશે ત્યાં છાયા,
સ્વામીન તમારે ચરણે, વૈભવ બધા સમાયા,
જગની તમે વિભૂતિ, વિભૂતિ હું તમારી સ્વામી
મારા અને તમારા, યોગો અમર લખાયા.
વૈભવ બીજાને આપે, કષ્ટો બીજાનાં કાપે,
પરમાર્થે પ્રાણ ત્યાગે, ત્યાગી ખરા ગણાયા.
દીન રાત જેણે જાગી, સેવા જગતની સાધી,
પ્રભુતા ભયી એ જીવો, જગમાં પ્રભુ મનાયા—માણું.

શાલિવાહન—

લક્ષ્મી વિણ લક્ષણવંતાની, કીંમત નહીં અંકાવાની,
ભાગ્યવિનાની લક્ષ્મી ઘરમાં, આવી તે વહી જાવાની.
લક્ષ્મી તું છે મૂળ દુઃખનું, જ્યાં ત્યાં ક્લેશ જગાવાની,
ચંચળ થઇ ઘરઘર ફરતી તું, સારાં કર્મ તજાવાની.
એકનું લેઇ બીજાને આપે, તું પણ છે મોટી ક્યાંની,
હીકમત છે બસ એકજ તારી, હસ્તાનેજ રડાવાની.

પૃથ્વીરાજ—

સંપ વિનાની સુખ સંપતનાં, વ્યર્થ અરે અભિમાન;
કુસંપે ખોયું હીન્દુસ્તાન.
નથી દૂર, છે દ્રષ્ટિ આગળ કુસંપનાં પરિણામ—કુસંપે.
અદેખાઇની આગ વિષે અજ્ઞાની;
પડયો વીર જયચંદ બની અભિમાની;
પાણીપતમાં પડયા પ્રતાપી પૃથુરાજ ચોહાણ—કુસંપે.
ગયો ત્યારથી ભાગ્ય રવી સંતાઇ,
પરવશતાની ઘનઘોર નિશા પથરાઇ;
પડી ભારતી ભર નિદ્રામાં ધરી ઉદયનું ધ્યાન—કુસંપે.

પૃથ્વીરાજ—

હો રામજી ઢોરાં ચારીને પેટ ભરીયે,
પરણવામાં તો પીડા મોટી, જોતરાં તાણી મરીયે,
એથી ભલું તો વાંઢાપણું કે, નફકરા થઇને ફરીયે—

કયારેક જીવ જો ચાળે ચડે તો, મન મનાવા ફરીયે.
મીઠડા બોલી કોયલ સાથે, કાંકરી ચાળા કરીયે—
વાંહ વાઢીને વાંહળી કીધી, લલકારી શું કરીયે,
બાપી વિનાના કાન અમે તો, એકલા મુંઝાઈ મરીયે—

પૃથ્વીરાજ—

નથી ગમતી નખરાળી નાર, એતો ખાંતે કરે ખુવાર.
નખરાથી એ નાચ નચાવે, એ નારી શું કરીયે!
મોહ લગાડે મનડાંને તો, મોત વિના પણ મરીયે;
લોકો કહે મૂરખ સરદાર—
હેઠું જોઇને હસતી ચાલે, એને ઝપાટે ન ચડીયે.
આડું જોઈને આંખ મારે તો, ઢગલો થઇને પડીયે;
એથી દૂર રહ્યામાં સાર—

પૃથ્વીરાજ—

હાયરે પીટયે છોગાં મેલી ને, મને છેતરી,
મોહમાં ભુલી હું ભાનરે–કેવડાનાં છોગા મેલીને, મને છેતરી.
જાતી ફુલ વીણવા ત્યાં, વેણી ગુંથી લાવતો,
કાલો ઘઇ થઇને બાઈ, અમને બનાવતો,
મીઠી મીઠી વાતડી કરી કરી,
પાણીડાં હું જાઉં ત્યાં તો, પાછળ એ આવતો,
કાંકરી મારીને પોતે, હસીને હસાવતો,
થાકી હું ઘડુલીયો ભરી ભરી.

માલવપાત—

હૃદયના શુદ્ધ પ્રેમીને, નીગમનાં જ્ઞાન ઓછાં છે;
ન પરવા માનની તોયે, બધાં સન્માન ઓછાં છે,
તરી જાવું બહુ સ્હેલું છે, મુશ્કિલ ડુબવું જેમાં;
એ નિર્મળ રસ સરિતાથી, ગંગાસ્થાન ઓછાં છે,
પ્રણય કલહે વહે આંસુ, ચુમે ચાંપી હૃદય સ્વામીન્
અરે એ એક પળ માટે, જીવનનાં દાન ઓછાં છે.

માલવપતિ—

હાલને મીઠી માળવે જઇએ, માળવે ઝાઝાં માન;
તારી પ્રીતડી જોડાણી મારા જીવથી—
કંટક તારા પ્રેમનો કાંટો વાગ્યો મને આરપાર;
ઝણઝણાવે તું જીવ મારો, કરી ઝાંઝરનો ઝણકાર—
બોલો મારા રાજવી રાણીને શું અપાવશો ?
મોતીડે મઢાવશો કે હીરલે જડાવશો ?
હા માગી લ્યો મહારાણી, જોઇએ તે આપીશ આણી;
કડલાં કાંબી કંદોરા, કસબી છાયલ છેલાણી,
એમાં શું ? એથી પણ ઝાઝું માગ, મોહના રાણી,
ઓ છેલ છબીલી નાર, હું વારી હૈયા હાર.

માલવપતિ— (સાખી)

એક સરખા દિવસ, સુખના કોઇના જાતા નથી;
એથીજ શાણા સાહ્યબીથી, લેશ પુલાતા નથી;—

ભાગ્ય રૂઠે કે રીઝે, એની તમા તેને નથી;
એજ શુરા જે, મુસીબત જોઇ મુંઝાતા નથી;—
ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાયા છે;
જે ચડે તેતે પડે, એ નીયમ પલટાયા નથી;—

રા' નવઘણ—

જન શું ગુમાન રાખે, જીંદગી નથી સદાની,
દીન ચાર ખીલી ચંદા, પલમાં ડુબી જવાની,
રાવણ સરીખો બળીયો, યુદ્ધે ચડીને હાર્યો,
સીતાપતિ શ્રીરામે, અભિમાન ઉતારી માર્યો-જન.
જ્યારે ઇંદ્રપદ લેવા, બળિને મતિ જ્યાં વ્યાપી,
વામન સ્વરૂપે ત્યારે, ક્ષણમાં ભૂમિને માપી-જન.

છત્ર વિજય—

હવે હાલો હલામણ રાજમાંરે કરો કેદની મજા.
હાય ભોમાંથી ભાલા નીકળ્યાંરે સોગ લાગ્યા ભજા.
જોયું કેવાં લડાવ્યાં લાકડાંરે મજા ચાખો ગજા.
{ રાજ રાખો કંઈ રીત-ન હોય પરાણે પ્રીત
બધું ઠીક છે ઠીક (૨) }
રાજને રીઝાવશો તો સર્વ સુખે માણશો,
પ્રેમી પંખીડાને પ્રીતેથી પાળજો.
તેજ બનીને ચંદાને ઝુલાવજો—હાલો.

વીર તાનાજી—

મ્હારી ખીલતી ફુલવાડીના ઝુલતા ગુલાબ,
રૂડા રસથી છલકાય, રસથી છલકાય;
રસભોગીની આશ વીણુ થઇને નીરાશ,
રડયા કરમાઇ જાય કરમાય જાય. —મારી૦

મીઠી, મીઠી, સુગંધને ફેલાવતા,
બ્હેક બ્હેક દીલને બ્હેલાવતા એ,
મંદ સમીરતણા સ્પર્શ તણો લેવાને લ્હાવો;
ઝુલા લચકાઇ જાય, લચકાઇ જાય. —મારી૦

જોમાં શું ?—

નયના કસુબી કર આયે,
શ્યામ બોલો, કીસ બીધ રયના બિતાઇ,
કોનો સોતનને કીની ઢીટાઇ—નયના.

બાલ બિખરે હય, ભાલ તિલકનાં, નયનોમેં નિંદ ભરી
તુલસીકી માલા તુટ ગઈ હય, અબ કરો ના ચતુરાઈ;
બયરનસે મેરી નેહા લગાઇ,
પ્રીત મોરી છાંડદી;

કુબજા કો તો બચન દીયો થા,
અબ કોનસે મન (૩) લલચાઇ.......નયના.

એમાં શું ?—

કોયલીયાં કુક સુનાવે,
ખીલી વસંત બહાર..........કોયલીયાં.
કોન સખી મોહે બસંત સુનાવે, મેએ તલસું બારબાર
પાપી પપૈયા પિયુ પિયુ બોલે, પિયા પરદેશી યાર;–કોયલીયાં
જીયા પિયા બીન જલે દીન રયના, જોબનવા દીન ચાર,
મયેં નવ જોબના જોબન બનુંગી,
પિયા મીલન દુશવાર—કોયલીયાં.

આર્ય રમણી— (દુબરા-દુબરીનું ફારસ)

બઉ બઉ ડહારે આઇવું, અમારે ટારી પીવાની ટાનું રે લોલ.
વાયું જુવાનીનું વાનું રે લોલ —ટારી પીવાનું૦
યુ બોય
ઓન્જોય, આ ટારી પીવાનું ટાનું રે લોલ —બઉ૦
મને મનરામાં લાગેચ મજાનું રે લોલ —ટારી૦
ખાટ્ટી મીઠ્ઠી ટારી ને ખાટ્ટી મીઠ્ઠી લ્હેર,
ખાટ્ટી મીઠ્ઠો વાટો કરટાં
ચીટરૂ મારૂં ચોરાનું રે લોલ —ટારી પીવાનું૦
માઇ ડીઅર,
લુક હીઅર,
બીજું હું કંઇ નહીં જાનું રે લોલ,
પન કાલજું મારૂં કોરાનું રે લોલ —ટારી પીવાનું૦

આર્ય રમણી— (ફારગ્ર) કીકલી–છામલીઓ.

બેગમરી હું મારો, વ્હાલી કાળજરાની કોર,
મારા જુના પુરાના મોર ....બેગમરી.
છામલીઓ હું માખન ચોર
હું ગોપી હું માખન ચોર
ખરેખર ડહારો આપનો ઓર ....બેગમરી.
લગનના લ્હાવા લઇહું બેઠીને પ્હોરના પ્હોર,
સુખમાં રઈહું કીકલી,
બહુ ઠા ના નખરાખોર,
મારા જરીપુરાના મોર ....બેગમરી.

આર્ય રમણી— (ગરબી)

જીવણુ નેરે જાવા દઉં આજ,
વનમાં રાતલડી રાખું,
આવડી ભાઇબંધની શી હેર,
ઉતારા નેં કરીએ ગોરી,
ઉતારા કરોને આપણે ઘેર,
રે સાથે ભાઈબંધની ટોળી —જીવણુ નેં રે!
આવડી ભાઇબંધની શી હેર,
વાસો કરોને આપણે ઘેર,
વાસો નેં કરીએ ગોરી,
રે સાથે ભાઈબંધની ટોળી —જીવણુ નેં રે!

આર્ય રમણી—

દુઃખના દહાડા દેખીને, દઈએ ન દેવને દોષ,
કર્તા તું તુંજ કર્મનો, જીવ તજી દે શોચ
સંચિત તરૂએ ફળ જે આવે,
મનમૂરખ મનસુબા તજી દઈ ભોગવી લેને ભાવે,
સુના સંસારને સમજી સોનાનો કર્મને કોણ નમાવે,
વિપદ વાદળ ઘોર ઘેરાયાં અમ્રત કાં વરસાવે,
નયન તું અમ્રત કાં વરસાવે !

કૌન સરસ—

સ્વપનેકા રાજ હયે, યહ દુનિયાંમે સાર નહી.
આંખ ખુલતે હી રહા, ઈસ્સે સરોકાર નહિ...ઈસ્સે
બંદે કિસ ભુલમેં તું, કરતા હય મેરા તેરા,
ડેરા ઉઠતેહિ તેરા, કોઇ મદદગાર નહિ...કોઈ
તેરા તનભીતો નહિ, અંતમે હોગા તેરા,
માયા બીજાર હયે યે, સચ્ચા કોઇ યાર નહિ....સચ્ચા૦
બાત બરસોંકી યું હી, સોચતા નાદાન રહા
એક પલકે ભી લીયે, હોતા હોશીયાર નહિ...હોતા૦

કૌન સરસ—

આફત આતી હયે મર્દોકે ઉપર, નામર્દોકો આફત કયા હયે,
ગહનભી હોતા હય ચાંદકે ઉપર છોટે સિતારેકો ગહનસે કયા હયે,
તંગીકા ઘેરા સખીકે ઉપર, સુજી પાજીકો તંગી કયા હયે,

તુર્કી હુર—

દુન્યામેં જબ ધનપાના—કલકે લીયે બચાના,
દોલત ભી હયે એક ખેતી—જો બોયે ઉસે ફલ દેની,
રખ ધન જોડો ફલ ખાના,
બુરે દિનમેં ન ભાઇ, ઓર ન જાયા, કામ આતા હયે,
ફકત અપના કમાયા, ઓર બચાયા, કામ આતા હયે,
અબલિ હસતે હુએ, મિલતે હયે, જબતક ચાર પઇસે હયે,
ન પુછેગા કોઇભી, મુફલીસીમેં આપ ફસે હયે,
અબ બકા યાર જમાના, કલકે લીયે બચાના,
નદી રહતી હયે મછલી ભી, નદી જબ સુક જાતી હયે,
જો દઉલત હયે, તબ તુમ દુલાહો, ઓર દુન્યા બરાતી હયે,
જો કલસે બેખબર હોકર નહી, હયે આજ આપેમેં,
વોહ દર દર ભીખ માંગેગા, ગરીબી ઓર બુઢાપેમેં,
મત દઉલત મુફત ગવાના, કલકે લીયે બચાના.

અકકલનું પડીકું—

તમે જો જો ન વાયદા વીતાવજો,
પીયુ પહેલી પેસેંજરમાં આવજો;
હાર તોરાથી સ્વાગત્ શોભાવજોરે—પીયુ.
શિલકની ફીનાર કોઇક વાયલ આછેરાં,
કોઇક નવા નાટકના અચ્છાં ઓપેરા.
થોડા હેન્ડબીલ હેર ઓઇલનાં લાવજોરે—પીયુ.

એક હારમોન્યમ પેરીસનું લાવજોરે,
આવવાનો તાર મને આગળથી આપજોરે.
તમે સામા સ્ટેશન પર સીધાવજો—પીયુ.

અક્કલનું પડીકું—

આપ પાપડવાડીમાં પધારજો લ્હેરીલાલ,
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલા ચાલ મારી પડોસમાં તુલસી કયારાનું નિશાન છે?
છજામાં ? તુલસીના ઝાડનું નિશાન છે—લ્હેરીલાલ.
અખંડ અને અભંગ આજ સાંજ પહેલા પધારજો,
હડતાળવાળાનું તોફાન છે, જયાં હડતાળવાળાનું તોફાન છે—લ્હે૦
જોખમ ભરેલું કામ પુરી પંચાત છે, ધાસ્તી છે! આફતમાં
જાન છે, મારા બાપ ધાસ્તી છે—લ્હેરીલાલ.

ઝવહરે મેહફીલ— ગઝલ.

છોટી બડી સુઇયાંરે જાલીકા મેરા કાહડના,
એક સુખ પાયા મયને અમ્માકે રાજમેં—અમ્માકે રાજમેં
સાથ સહેલીયાંરે ગુડયોંકા મોરા ખેલના—છોટી.
એક સુખ પાયા મયને અમ્માકે રાજમેં—અમ્માકે રાજમેં
ગોદ ભતીજારે સહકો પે મોરા ખેલના—છોટી.
એક દુ:ખ પાયા મયને સાસકે રાજમેં—સાસકે રાજમેં
આધી આધી રાત ચકકીકા મોરા પીસના—છોટી.

એક સુખ પાયા મયને નનંદકે રાજમેં—નનંદકે રાજમેં
બીલાસીઆ અધનરે ચુલેહકા મોરા ધોકના—છોટી.
એક દુઃખ પાયા મયને દેવરકે રાજમેં—દેવરકે રાજમેં
છોટી મોટી પેચકરે બીયોંકા મોરા ગુંદહના—છોટી.
એક સુખ પાયા મયને સૈંયાકે રાજમેં—સૈંયાકે રાજમેં
આધી આધીરાત બાગોંકા મોરા ટહેલના—છોટી.
એક દુઃખ પાયા મયને સૈંયાકે રાજમેં—સૈંયાકે રાજમેં
સૈંયા હે નાદાન મેરા ચેહી તો મેરા ઝેકના—છોટી.

ઝુવહરે મેહફીલ— ગઝલ.

જાતે હો કહાં જાને જહાં,
અભી દીલ તો હમારા ભરાહી નહીં;
અભી આસએ લબ તો મીલાહી નહીં.
અભી ગુનચએ દીલ તો ખીલાહી નહીં,
કબ તલક ભલા ગમ ખાયે કોઇ;
કીસ તરહાન જાનસે જાએ કોઇ,
ઉસે ખાક ભલા સમજાએ કોઈ,
ઇશ બુત કો તો ખૌફ ખુદાહી નહીં;
ક્યું હસતા હૈ મેરે રોને પર,
નાસેહ ઝરા અલ્લાહ સે ડર;
તુ ક્યા જાને હાલતે દરદે જીગર,
તુને દીલ તો બુતોંકો દીયાહી નહીં,

મૈને જો સવાલે વસ્લે કીયા;
વો "હમદ" મુઝે યે જવાબ મીલા,
તકદીર મે તેરે લીખખાહી નહીં;
તેરે દરદ જીકર કીં દવાહી નહીં,

આંખકા નશા—

ક્યોં તોહે જીવનકા અભિમાન હય, હે મુરખ જીવન સ્વપ્ન સમાન હય,
દો હી દીનકા યહ સુખ સન્માન હય.
યહ સંસાર મુસાફીરખાનાના—ક્યોં તુને ઇસકો અપના જાના,
તેરા અન્તિમ ઘર શમશાન હય.
જ્ઞાન રતનકો મત કર મંદા—જીવન હય એક ગોરખ ધન્ધા,
મોહ લોભકા તોડ દે ફન્દા,
કરલે કુછ ઇસ દેહમેં જબતક પ્રાણુ હય,
જગ હય ચલતી ફીરતી છાયા—દુઃખ સુખકા હય ખેલ બનાયા,
સબકો ઠગતી ઠગની માયા,
જો ઇસકે છલકો સમઝે, વો સુજાન હય.

દેશ દીપક— ગઝલ.

લાખો અહિં ચાલ્યા ગયા. લાખો બીજા ચાલ્યા જશે,
માટી તણી આ જીંદગી, માટી મહીં માટી થશે,
મારી બીજાને માનવી. મનમાં ફુલાતો ના અરે,
કાળ કોઇનો તું થયો તો, કાળ તારો કોઈ થશે.
કહેજો અમારી માતને કર્ત્તવ્ય પંથે હું મર્યો.
નહિં તો બિચારી જીંદગીભર વ્યર્થ આંસુ સારશે.

હશીનોકા મુજરા— નવું ગાયન.

ચલી ઉલટી હવાયે જહાનમેં હાં દસવી જોરૂભી ગઇ કબ્રસ્તાનમે
વારે સાતીર ખુબહી બીગડા તેરે ઘરકા કામ—
ઈક્તીયારી ઔર શહેરીકા હો કૈસે બનતે જામ—
કૈસે રોઝે રખું મૈં રમજાનમે.

જોરુ મર ગઈ પાંચોને તો ઘરસે નીકાલા
ઇસસે યારો ખુબી કૈસી કરકે મું કાલા
પડે સરકારી તાલે મકાનમે.

જોડતા હું હાથ સાતીર ચશ્મ આપને નમ કરે
કુછ જીયાદા ઔર કુછ મામુલી ઔર કુછ કમ કરે
જીતને સટ્ટેબાજ હય ઇસ જાહકા કુછ ગમ કરે
રેસકે જીતને ખેલાડી વો મેરા માતમ કરે
એકને લાઠી એકને ઠોસા એકને મારી લાત
એકને મુકે એકને દામન એકને પકડા હાથ
યે ઇજ્જત હીંદુસ્તાનમે.

જોરૂ મર ગઇ સાતીર ભાઈ હો ગયા પરેશાન
પાંચેકા તો ઘર મુબારક ઉસકો કબ્રસ્તાન
હમ બીત કીયે લગાયે મસાનમે
કકડયાં તો ખા ગયે કડવા કરેલા રહે ગયા
આયા ફોલાદી ઝાઝ અબ તુફાનમે.

સોનેરી જાળ— (હોળી)

કાના તોસે હોગી લરાઈ કર્યું રે મેરી ચોલી છુપાઇ-કાના
લાલ ચુનરીયાં લાલથી ચોરી કરત ચતુરાઈ
લાલ ગાલપે કપટી કનૈયા, ચુંબન હૈ શરમાઇ
—સુદ બુધ મોરી તુંને હરાઈ-કાના
લાલ ગુલાલ ઉડાયો બદન પે સ્નાનકો મચે લલચાઈ
ચીર ચુરાકે ચડયો તું કદમપે તોહે શરમ નહિ આઇ
શ્યામ મેં તો નાર પરાઇ-કાના

વીર પુજન— (સીકંદરના ચાર ફરમાન)

(૧) મહારા મરણ વખતે બધી મીલકત અહીં પથરાવજો
મહારી નનામી સાથ કબ્રસ્તાનમાં પણ લાવજો
અર્થ-જે બહુ બળથી મેળવ્યું તે ભોગવી પણ ના શકયો
અબજોની મીલકત આપતાં પણ એ સીકંદર ના બચ્યો
(૨) મહારૂં મરણ થાતાં બધા હથીઆર લશ્કર લાવજો
પાછળ રહે મૃત દેહ આગળ સર્વને તેડાવજો.
અર્થ-આખા જગતને જીતનારૂં સૈન્ય પણ રડતું રહ્યું
વિકાળ હળ ભુપાળને નહીં કાળથી છોડી શકયું
મ્હારો જનાનો એજ વૈદોને ખભે ઉચકાવજો
(૩) મહારા બધા વૈદો હકીમોને અહીં બોલાવજો.
અર્થ-દરદીઓના દર્દને દફનાવરૂં કોણ છે?
દોરિ તુટી આયુષ્યની તો સાંધનારૂં કોણ છે?

(૪) ખુલ્લી હથેલી રાખતાં જીવો જગતમાં આવતાં
ને ખાલી હાથે આ જગતથી જીવ સહુ ચાલ્યા જતાં
અર્થ—યૌવન પૂના જીવન ફના જરને જગત પણ છે ફના
પરલોકમાં પરીણામ ફળશે પુન્યના ને પાપનાં

*　　*　　*　　*

વદે શાસ્ત્રો અમર આત્મા, મરણની બીક શા માટે
અમર છે એક પરમાત્મા મરણની બીક શા માટે
શરીર આ કાચનો કુપો, તરત જો તુટવાનો તો
સમર માંહે અમર થાજો, મરણની બીક શા માટે
જનમતો ને પૂના થાતો, ફના થઈને જનમ લેતો
વિધિનો તંત્ર એવો તો, મરણની બીક શા માટે

સરદારબા—

દશા કરે તે કોઇ ન કરશે, મુરખ કરે અભિમાન,
પ્રાણી બિચારૂં તુચ્છ મગતરૂ, કાળ કથા અનજાણ
કુંપદમાં મરડાઇ મરે પણ ધાર્યું કરે ભગવાન—દશા૦
નિરધનીયા પળમાં ધનવંતા ધની થયા લાચાર
સદા સુખી કે સદા દુઃખી નહિ કોઇ જગમાં રહેનાર
કુંપળ હસ્તી પાન ખરંતા, તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે સહેસે, આફત અપરંપાર
નામ અમર રાખે તે જુગ જુગ જન્મ્યું તેજ જનાર,
નાહક આકીન છોડે નીજ જન સત સાહય કરનાર.

અહલ્યાબાઇ—

રાજ સમી સાંજના આવજો. સામી સડકપર બંગલો,
મીઠા મ્હેમાન આજ આવજો રે—સામી૦
પ્રીતી સરવરની પાળે પાતળીયા,
અમીરસ પીજો પીવરાજો રે—સામી૦
કાયાને ક્યારડે મ્હેકે કસ્તુરી,
લ્હેરખડાં લુંટજો લુંટાવજો રે—સામી૦

વલ્લભીપતી—

માયા કોઇની ના થઇ, પિયુ ચેતો પગલે પગલે,
કંઈક મુકી ચાલ્યા મહારાજા, અહીંની અહીંજ રહી,
કાયા માયા કોઈની, રાખી નહિં રહી
કંઇક કમાયા લાખ, કરોડો, શુન્યની શુન્ય રહી,
પરમારથમાં વાપરી લક્ષ્મી તેજ ખરી......

વલ્લભીપતી—

ઝટ જાઓ ચંદન હાર લાવો, ઘુંઘટ નહિં ખોલું હું.
મને લાગ્યો એ હારનો નેડલો, તમથી નહિં બોલું હું.
મોંઘી તારી માગણી મોંઘા તારા મલ.
મોંઘી તારી પ્રીતડી, મેં કરતાંજ કીધી ભુલરે,
ઘુંઘટ ઝટ ખોલોને.
મોહન મેં તો માંગીયો, મોંઘો ચંદન હાર,
લાવો હાર પછી પીયુ તમે, લુટો જોબનીયાની બહારરે

વલ્લભીપતી—

મીઠીને મધુરીરે જોબનિયાની વાતડીરે,
જોબનિયાના ચાળા કદી ન છુપાય,
શરમીદી સાહેલીરે, જોબન વનમાં સંચરીરે,
હાંરે મુકો કેડો મને કંઇ થાય,
આંખલડી રંગાણીરે નાવલીયાના રંગમાંરે,
હાંરે સખી શાને ચડાવો આળ.

વલ્લભીપતી—

રસીકજી રંગીલા છેલાં,
રસભીનાં તારા છે નયનીયાં મારા વાહાલમાં—રસીકજી
પાટણનાં પટોળાં લાવો હીરા કંકણ જોડ,
અતલસ અમદાવાદી પહેરી ફરવાના છે કોડ,
સુરતી જરીઅન સાડી સોહે ઝાંઝરનો ઝણકાર,
તસતસતી ચોળી સીવડાવો મ્હારા હૈયા હાર,

વલ્લભીપતી— ગઝલ.

ખાલી હતાને ખાલી થયા ભાઇ બાકી રહ્યું અહીં કાંઇ નહિં
ખોટી છે માયા ખોટી આ કાયા ખાલી ફુલાયા કાંઇ નહિં
જુડની બાજી છે બધી આ નામ નીશાની કાંઈ નહિં
કાળની માયા વાદળ છાયા વીતી જવાની કાંઈ નહિં
જર જોરૂ ને જોબન જીવન ખાખ થવાનું કાંઈ નહિં.
પંચ ભુતોનો પિંડ અરે આ રાખ થયો કે કાંઈ નહિં

શાહ કે ચોર— ગરબી.

ગંગા પ્રદેશની માટી મંગાવો
ઓરડા લીપાવો પરસાળો લીપાવો
સાસુ સંદેશોને નણદી કાગળીએ,
જેઠાણીને આપી તેડવા જાઓરે પીયુડાજી.
સાસુને સાલ્લો ને નણદીને વાયદો.
જેઠાણીને દક્ષાણીના ચીરરે પીયુડાજી.
સાસુ ખાઈ જાશેને નણદી લઈ જાશે
જેઠાણીનાં કાલ પાછાં આવેરે પીયુડાજી.

અબજોનાં બંધન—

પ્રીતકે ફૂંદ નહી પરના,
જાનપેં આફત આયેગી
દિનભર રો રો જલના —પ્રીતકે.
પ્રીત કિયે દુઃખ હોત હે
પર પ્રેમી લપટાય,
દીપ તેજકો દેખકે
પરવાના જર જાય
પ્રીતકે ડંખસે સબ ડરના પ્રીતકે.
સાવન બાદો અસવન બરસત
બિયોગમેં મરના,
બિકટ પંથ હે પ્રીતકો યામેં
પેર નહીં ધરના. પ્રીતકે.

અબજોનાં બંધન—(ડેન્સ ઇંગ્લીશ)

એટિકેટ ઇંગ્લિશ સોસાઇટીકા હય,
બેટે નાચો અયસે હાં પોઝિશન.
પહેરો સૂટ, ખાઓ બૂટ, જાના પાગલખાના.
ડયરી ડોલી ગાના,
ખુરસી ટેબલ પર મર જાના,
અબ તુ છોડ બટાટા બેંડી બેંગન,
બિલ્લીને ચુહા પાયા બસ ભરપાયા,
સમઝા ન તેરી સરગમ,
ફુટા પુરાના પડઘમ.
રેઇસકા હય આયા સીઝન,
બિસ્કીટ ખાના, સોડા પીના,
લૉબુ ઔર જીંજર.　　　　—ટેક.

અબજોનાં બંધન—

ગમે ના બાગનાં ગુલો, ગમે ના ફૂલવાડી,
ગમે કોઈ ના માળી,
વનોમાં વાયુની લ્હાતી ગમે એ લ્હેર વ્હાલી,
ખુદાઇ જ્યાં છુપાઇ.
છલાવ્યા ભોગસાગર, ના તૃષાતુરને મળ્યું પાણી,
ઉતાર્યાં સ્વર્ગનાં સુખડાં, ભૂખ ના ખરી જાણી;
ચહું આનંદ અંતરના, નહીં માયાની મહેમાની,
નહિ સંગીતના જલસા, ચહું હું સ્નેહની વાણી.

પ્રાણુ વેલી ઘેલી ઘેલી વનોમાં પૂાલે કેલી,
અલબેલી નવેલી,
વનોની વાસી મ્હોલોમાં ગઇ મુંઝાઈ છેલી,
દીવાની થઈ અકેલી —ગમે ના.

અબજોનાં બંધન—

ગરીબી જ્યાં વહે નંદા, પ્રભુના ત્યાં ખરા બંદા;
વરે ત્યાં કીર્તિ આનંદા, સરે ત્યાં સ્વર્ગની ગંગા.
ગરીબીએ લખ્યા ઇતિહાસ, ગરીબીની વિધાતા દાસ;
ગરીબી છે જીવનની આશ, ગરીબી છે જગતનો શ્વાસ.
ગરીબીથી વિવેકાનંદ, ગરીબીથી દયાનંદ ચંદ;
ગરીબીમાં હતા ગોપાલ, ગરીબીમાં દીપે છે લાલ.
મહા જે હિંદવાસી નામ, ગરીબીનાં કર્યાં પયપાન;
ગરીબી હિંદ દાદા પ્રાણુ, ગરીબી ગાંધીજીના જાન.

અબજોનાં બંધન:—

—બોશો લઉં મુખડે સુંદર વા!
જેશો ચુમે ભ્રમર કમલ,
—નફ્ટ નિર્લજ,
વંઠેલ વાનર,
—હાં, વાગી જાઉં તિરછાં નેનન વા! —બોશો.
—અધરપાન કરતો નહીં,
—જીગર જામ પીવશો ક્યાંહિં?

—શરમ લાજ ગઈ લુટાઈ,
—અજબ આજ ચુમી લગાઈ,
વા-ગુલી તોરૂં જોબન ગબ્બર વા ! —બોથો.

અબજોનાં બંધન—

હૃદયનો આપજો સંદેશ;
બનીને મેઘદૂત વ્હાલા;
કરીને નાથને વંદન,
ચુમી પદપંકજો પ્યારા.
સ્મરણ દેજો એ કુંજોના,
વસંતે જ્યાં વસ્યા'તા શ્યામ;
કર્યો'તા જ્યાં રસાલાપો,
હસ્યા'તા જ્યાં મધુરાં તાન
વીંધી'તી જ્યાં અમીધારા,
છુટ્યાં'તાં નેનનાં જ્યાં બાણ;
લઇ ચાલો પ્રિયાને ત્યાં,
સનત જો હો ખરા મમ પ્રાણ.

વિજય દેવજ—

ધર્મ સંકટમાં સર્વદા, સમશેરને ધરનારા,
ધન્ય ધન્ય એ દૈવી અવતાર,
નીજપ્રાણ પ્રજાકાજ, રાજતાજને તજનારા,
સાચા એ શુરા સરદાર,

આત્મભોગ આપી, રણ યજ્ઞમાં હોમાય છે,
એવા એ અમોલ રત્નો, સ્વર્ગમાં પુંજાય છે—વાહવાહ
એવા દેશ ભક્ત પાવનકર, વીરનરનું અષ્ટ પ્રહર,
યશોગાન ગાતાં નરનાર,
ક્ષત્રિધર્મ ધારી, અંત અધર્મીનો લાવતા,
ધન્ય એવા જનેતાના. કુખને દીપાવતા—વાહવાહ
એવા રણધીર, 'વિજય ધ્વજ' ફરકાવી જીવનભર,
ભારતમાં ડંકા દેનાર.

વિજય ધ્વજ— (કોમીક)

જેના ગુલાબ જેવા ગાલ, ચપળા જેવી ચંચળ ચાલ,
જેનું વિશાળ સુંદર ભાલ, તેપર વાંકડીઆળા વાળ,
જેની આંખલડી અણીઆળી, તે પર શોભે ભમર કાળી,
રૂપમાં રંભાથી રૂપાળી, લલના લાવીશું લટકાળી—
હું તો ખોળી ખોલકી લાવું, મારા દીકરાને પરણાવું,
મારે નથી પરણવું આવું, છોડો બેસુરૂ ગાવું,
(ત્યારે રૂપાળી બૈરી નહી ?) (ના ગુણવાળી લાવો અહીં)
(કહો હવે કહેવું છે કંઇ ? કેવી જોઇએ તે ભલી મરને,
ભેંસના ભાઇ)

(ઉઠ કહું તો ઉભી થાય, બેસ કહું તો બેસે)
(પતિ આજ્ઞા ઉઠાવીને અગ્નીમાં પ્રવેશે)

(એવી લાડી કયાંથી લાવું, ફાટી મુઆ જાને,
મારૂ કહ્યું માની બેટા, પરણ તારી માને)
બેરી એક બલા દુનીઆમાં, મારે સાંબેલાનો માર,
પ્રાણીઆ ભજી લે ને કીરતાર, આતો સ્વપ્નુ છે સંસાર....

વિજય દેવજ—

વાંકી વળીને શું જોતી ? વળી વળી,
ખોવાયું શું ? અણમુલુ, મનડાનું મોતી,
જડશે વ્હેન મોતી એ, ગોતીશ જો પ્રેમથી,
જોડાશે જુક્તિથી, મોતી આ હેમથી.
નહી હામ હૈડાની ખોતી....ખોવાયું.
તમને હસવું ને, મારૂં મનડું મુંઝાય છે
દીલને દીલાસો દઇ, પ્રેમી પ્રાણ જાય છે,
શુણીયલ એ લાવીશું ગોતી....ખોવાયું.

વિજય દેવજ—

મરવું તો પતી ચરણે મરવું, તરવું તો પતી ચરણે તરવું,
પતીનું ધ્યાન સદા ધરવું, પ્રભુ સમ પતીનું પુંજન કરવું.
"ટેકી ટેક ન મુકશે, કરો કરોડ ઉપાય,
રણઘેલા રણમાં ચડે, ટેકી નહી છુપાય"
ટેકે રાવણ રણ પડયો, ટેકી સીતા નાર;
કુટેકે કુળ ક્ષુળ થયું, સુટેકે જયકાર....

વિજય દેવજ— નાચ.

અજી લાગીલો, મોરી જાન નેન કટારીરે.......
છુરી ન મારી, કટારી ન મારી, ન મારી બરછી તલવાર,
લોહુકા નહી બુંદ નીકસા, તનક નેના નાહી લાલ,
કીસ તરાંસે કર દીઆ, યારો કલેજા પાર પાર,
દુશ્મન નાહી, બેરી નાહી, મારનવાલા દીલદાર....
બાવસે નહી, દીલએ બીછડા, મીલ ગયા હૈ ઔર યાર,
તુહી મોલા કર, હકીમી કરદે, બેઠા પાર પાર,
કોઉ બતાવે, કોઉ મોલાવે, સંયા ગુલે ગુલજાર,
નેન કટારીરે.......

વિજય દેવજ—

બધી દીલની આશાઓ, દીલદારમાં છે,
સ્વર્ગ સુખો સમાયાં, ભરથારમાં છે,
જે પતીની પુજારી, છે પ્રેમદા સદા,
જેની સ્વામીમાં વૃતી, રહી સર્વથા,
એવી દેવીનું પુંજન, સંસારમાં છે.

વિજય દેવજ—

કુદરતના રંગ, અજબ પળપળમાં,
સકળ જીવને, જીવન મહી બતલાવે,
શાં શાં સવીતા પ્રભાનાં, શોનેરી કીરણ,
એ સમય પલટતાં દીસે, અસ્ત હાં થતાં,
અકળ કરમ તણી ગતી દરશાવે ....કુદરતના.

દેવી હોથલ—

આવો મારા કાળજાની કોર, તમે લાગો લટકાળા, અતિ વ્હાલા
પ્યારી મારા ચીતડાની ચોર, મને વાગ્યાં નયન બાણ તારાં,
સ્નેહી સુજાણ છો, પ્રાણની આ પ્રાણ છો,
વ્હાલરી બનાવી નંદલાલ—આવો.
ભાવથી આ ભેટવાનું, મીઠું મીઠું લાગે,
તેથી મનડું, મળવાને વધુ માગે,
આવો આવો પ્રાણના આધાર, ભલે ભેટવાને,
ભેટવાથી દુઃખ દુર ભાગે,
પ્યારા હું પતગની છું દોર,
દયા લાવો, લટકાળા પતિ વ્હાલા.

દેવી હોથલ—

સાહેબજીરે રૂડા ઉતારા આપજો.
પંખી અમે પરદેશનાં જીરે.......
આવશુ જીરે ચાખવા પ્રેમની શાખો,
જ્યારે તમારા દેશમાં જીરે..........સાહેબાજીરે...
આ ભવ રસભર ફૂલને પામી,
ભવ ભવ લેવા આવશું જીરે
દેશ અમારો રસભર આખો, રસના પ્યાલા પાશું જીરે
રસીયા રાજી થાશું જીરે
ગુણ તમારા ગાશું જીરે..........સાહેબાજીરે...

દેવી હોથલ—

હે સલુણી રીસાવો નહિ, તલસાવો નહિ.
નયન કમળથી. તીરછી નજરના, કોમળ હૃદયપર માર,
તીર તો ચલાવો નહિ....
મતલબની દુનીયા બધી, વીકટ પ્રેમનો પંથ,
સ્નેહ કરી અળગા રહે, એવા પુરૂષ અનંત,
સજ્જન પ્રેમી જાણતા. વિકટ પ્રેમનો પંથ,
સાચા પ્રેમી લાવતા. એજ પંથનો અંત,
પરણ્યા પણ લીધો નહિ, સ્નેહ તણો કંઇ સાર,
પશૂ જીવનને ગાળતાં, પ્રેમ વિના નરનાર.
વ્હાલી તારા વેણમાં વશીકર્ણ દેખાય,
ચુમ્મી લેવા અધરથી, હૃદય અધીરૂં થાય.

દેવી હોથલ— રાગ—ગઝલ.

કરે જન સ્વર્ગની વાતો, બતાવો સ્વર્ગ છે તે ક્યાં,
હૃદયના શુધ્ધ પ્રેમી જ્યાં, વસે છે સ્વર્ગ સાચુ ત્યાં,
પરસ્પર પાક દીલનાં, પ્રેમીઓ દીદારનાં તરશ્યાં,
ક્ષમાને શાન્તીની જોડી, વસે છે સ્વર્ગ સાચુ ત્યાં....
સદા જ્યાં સ્નેહનાં ઝરણાં, વહે છે કમળ નયનોથી,
સનમએ માનજો નક્કી, વસે છે સ્વર્ગ સાચુ ત્યાં,
હજારો વીઘ્ન જો નડતાં, નથી જે જીગરથી જુદાં,
નહિ તે પૃથ્વી પલટાતાં, પલટતાં સ્વર્ગ સાચુ ત્યાં.

દેવી હોથલ—

બોલો બોલો રસીલી, જરા ખોલો ઘુંઘટ,
તારા ઘરના, ગુલામ થઇ રહીયે....રસીલી તારા....
લાજો લાજોજી લગાર, હું તો પતીવ્રતા નાર,
એક અબળાની લાજ નવ લઈએ....ગરધવજી મારા....
જોઈ તારો ઠમકો, ને જીવ મારો જાય છે.
મથુરાંના માંકડો, આ જીવ મારો ખાય છે.
હાય મારા કાળજામાં કાંઇ કાંઇ થાય છે.
દુર મેર દુર, તારૂં ડાચુ ગંધાય છે,
છોડો છોડો હડકાયા, જાણ્યા જાણ્યા ધુતારા,
એક બાળાને દુઃખ નવ દઇયે....ધુતારા...
ઘુંઘટડા મુકાને વ્હાલી, ઘુંઘટડે ઘર ઘાલ્યાં,
કરી ઈશારા પરનર સાથે, સાંજે ફરવા ચાલ્યાં,
મનને ભાવે ત્યાં જઈ માલ્યાં........બોલો........

દેવી હોથલ— (કચ્છી ગાયન.)

છેડો છડરે કાનુડા, મુંજે ઘરે કમ આય,
છેડો છડરે ધુતારા, મુંજે ઘરે કમ આય,
કાન અસાંી મૈયારી, કંસજી તું પુતર નંદરાય,
કાન પોંઓાં ગીટેમે, તોતોજી કુરો કંધી માય,
જેઠલુ મડે હલી, વઈચુ, રોકી રખેતો કુલાય ઈ પુલાય,
જો સુંઘુધ્યો કસરાય, તો થોંધી વાય વાય........છેડો.

સાખી

એડા અસંઘો કીથીયે, ગાયુંજા ગોવાળ,
ઈનસેંતો મું ના અચું, હીન મારગ નંદલ,
ન્યારીધી નણુધી મુજી, સસકી ગોઠીલોક,
મારીધી મેણું મુકે, લજવીજે નારોક,
તેડંતોકે સુણુ મૈયારી, હકડો રહ્યો ઉપાય,
હથ્થ જોડીને લગ્નહણે તો કુંવર કનાજે પાય.

વીર રાઠોડ—

મીઠી મીઠી વાણી મારાં પ્રેમી પોપટ, તારા
વચનોથી પરવશ હું થઈરે,
નીશાનીથી બંધાણી મારા નાથની, સદા હું તો,
પરવશ થઈ હું તો વાલમાં.
જોઈ છબી તારી, મને કંઈક કંઈક થાય છે,
હાય તારા ઈશ્કમાં, આ જીવડો મુંજાય છે.
ફત્તે કરીને તમે આવજો, સલુણા વેહેલા,
ફુલે વધાવું તમને, હાર હૈયાના સમજીને.
એને આપો રજા પછી કરશું મજા,
મરે ચંદન તો ચંદા આ મારી થશે,
હાય ચંદા તારા ઉપર ડબ્બલ આફરીન છે,
આ બંદા....મીઠી.

વીર રાઠોડ—

લટકે ચટકે બની કામણગારી નારી, સર્વેને મારૂં
નયનોનો માર, નીતમ નખરા કરનાર,
હું મોહક મનહર મદમાતી મલકાતી છું શુભનાર—લટકે
નેન કટારી મારીને, ભારી નરને કરૂં લાચાર,
શાણી રંગીલી છેલછબીલી, જોજે ન ખાતી હાર.
છે મ્હારી મનહારી ગતી ન્યારી.
જોઇ ભાન ભુલે, પડે મોહ, ઝુલે રૂપરંગ ડુલે,
કદી તું ભુલે—ના—ના....લટકે ચટકે બની કામણગારી નારી.

વીર રાઠોડ— (સાખી)

ધન્ય ધન્ય છે દુર્ગાદાસ આશા છે ત્હારી એક બળવીર
કર્મવીર તેં મરૂ ભુમીનું જાતું રાખ્યું નીર.
મુકત કર ઝટ મારવાડની સત્યધર્મી મહાવીર.
જાઓ સાધાવા સુખે બાધવા ધરી હૃદયમાં ધીર
ઈશ્વર કરશે સ્હાય સર્વને શરણું નામો શીર....ધન્ય.

વીર રાઠોડ— (મારવાડી ઝુલનું ગાયન)

એ મારો લાડોજી મુંબઇ શહેરસુ, આયો જી—જી—જી
એ મારો વાલમજી બાજુબધ બેરખી લાયો જી—જી—જી
નણદી જાએ હાવરે. જેઠ ણીએ ઝગડો માંડયો જી—જી—જી
હું દેરાણી કેવે મને ઘાઘરો ઘુઘરીવાળો અઠે દીલાવો જી-જી-જી
હે સરદાર તારી મુછો, ગઢા પુચ્છો, જેડી લાગેજી જી—જી—જી

વીર રાઠોડ— (સાખી)

ઝુલા પડતા ના ભમર, જોબન વન મોઝાર,
હૈયા કેરે હિંચકે, હીંચોળું દીલદાર,
આવોને હો, વાડીના મીઠા મોરલા,
હૈયાના આસન હું આપું, મહોલે પધારોને વાલમજી,
આપણી પ્રીત વધારોને, હો વાલમજી.

(સાખી)

મનહર મુગ્ધા નારને, મોતીના શૃંગાર,
મન મોતી મુકી, બીજું ઇચ્છું ના દીલદાર...આવોને.

એકુજ વીર—

કામે કાઢી કટારી મારી, ખીલ્યાં જોબનીયાં
હાં મારા જોબનીયાં હાં.
ધારી ધારી જોઉં મૂર્તિ, પ્યારી થાકયાં
લોચનીયાં, હાં મારાં લોચનીયાં હાં.
ચંપકવરણી મન વશ કરણી
પીયુષ ઝરણી સ્નેહ નીસરણી
પાણી પાણી થઇ હું હારી, ભીંજે ચુંદરીયાં,
હાં ભીંજે ચુંદરીયાં હાં.
છું મૃગનયની નાજુક વયની
રસિક હૃદયની પ્યાસી પ્રણયની
સુનાં સુનાં પીયુ વિના, સુનાં મારાં મંદીરીયાં
હાં મારાં મંદીરીયાં હાં.

ગઝલ ધીર—

જે જીવ જાતાં પણ, કદાપી ધર્મને તજતી નથી.
નિજ સ્વામી કેરા રોષને, અંતર મહીં ધરતી નથી.
જે નારી ગૃહમાં શાન્તિને, આરામ પણ પ્રસરાવતી,
પતિના સુખે સુખ માનતી, ને પુણ્ય પથે ચાલતી.
જે સદ્ગુણ આભૂષણોથી, પ્રાણને વિકસાવતી,
નિજ વાણીના માધુર્યથી, પાપ દોષને વિસરાવતી.
જે સ્નેહની પ્રતીમા બની, આદર્શ જીવન ગાળતી,
સીતા સુકન્યા પ્રતિમ છે, તે સુંદરી સાચી સતી.

ગઝલ ધીર—

કૌમુદ શીળી ગણાય. કોકિલા મીઠી મનાય,
જુદા સૌ મુજને થાય અનુભવો સખી.
ચિત્તમાં ન પડે ચેન. ઘેરાયાં રહે નેન,
નિદ્રા ન આવે રેન, સમજાવું શું સખી.
સમજાઓ એ કે હૃદય, ચંદ્રથી બળે કાં,
સમજાઓ એ કે ચિત્ત, પ્રેમથી ચલે કાં.
સમજાઓ એ કે ઉર, આમ ઉછળે કાં,
પુછો જઇ કુમુદને કે, ચંદ્રથી ચળે કાં.
પુછો જઇ ભૃંગને કે, પુષ્પમાં મરે કાં,
પુછો જઇ સરિતને કે, સાગરે મળે કાં.
યૌવનની ખીલશે બહાર, પ્રેમનાં ઉઘડશે દ્વાર,
દીલના ખેંચાશે તાર, સમજાશે સૌ સખી.

એકજ વીર—

આલી જોને હાડી હાડી, મોડા આવે મારા ભરથાર,
સમી સાંજની આંખ તણુંય, મળે મોડી રાતે મનહાર—આલી
વારેવારે જઈ બારીયે જોતી, બાનાં કરીને હજાર,
ઉભાં ઉભાં પગે ઉતરે પાણી, ડોક દુખે વારવાર—આલી.
હસતી હસતી હું જતી સામે, આવે જ્યારે ઉરહાર
આડું જુવે અલબેલડા ત્યારે, કાળજે વાગે કટાર—આલી.

એકજ વીર—

કોઈ તરસ્યાંને ના તરસાવો (૨)
દયા તણા સાગર હો તો, કોઈનાં ના નાવ ડુબાવો—કોઈ.
તરૂવર સમ ઘેરી ઘટાથી, સિતળતા સ્થળ સ્થળ લાવો,
જશે જીન્દગાની, આખર થાશો પસ્તાવો—કોઈ.
સાગરના કાંઠે કોઈની તૃષા ના છીપાયે,
સરવર જળ આછાં પીતાં તૃપ્તિ પમાયે
જીવન પરમારે પંથ વીતાવો, ભુલ્યાને માર્ગ બતાવો,
અવસર નહીં આવો—કોઈ.

એકજ વીર—

બુરા છે મોહબાણના માર,
વાગ્યા તે સૌ યાદ કરે છે, ભુલે નહિ લગાર—બુરા.
ઘાયલ એના ઘાવ વખાણે, એમાં પણ એજ મજાજ માણે,
રસનાં પીયાં એ રસ જાણે, બીજા ન જાણે લગાર—બુરા.
બાર ઉનાળે શિતળ થાતા, બળ શીયાળે બળતા,
બાર ચોમાસે તરસ્યા મરતા, એ ઘાના ખાનાર—બુરા.

સંસાર લીલા— (ફેશન) શેઠાણી.

ફુલી ફુલીને હું ફરતી, બના ફાંકડી નાર,
કોણ છે બરાબરી કરનાર.
વીલેરીઓનો ચાવો લઇ, થઇ શેઠાણી નિરાધાર,
હવે હું રૂવાબથી રંડનાર.
અત્તર લીધાં, હજાર હોનાં,
ઓટો મોઇની, બાની હોના.
લાખ ટકાના જોબન માટે,
કરોડોનાં હાગુગાર, હાચબી મારી અપરંપાર.

સંસાર લીલા - (હાલરડુ કીકાને)

અલુલુલુ હાલ હાલ હાલ અલુલુ હાલ,
સોનાનું પારણું મંગાવુ રે હાલ હાલ હાલ
મારા કીકાને ઝુલાવુ રે હાલ
છાનો મારા વીર. ભરી આવું નીર
પછી તને હેતથી હુલાવું રે હાલ (૩)
ભાઇ છાનો, બાપા છાનો, અરે છાનો, રડયા છાનો,
રૂડાં રમકડા રમવાને લઇ આવું.
ઝગમગતાં ઝબલાં બે દરજન મંગાવું,
ગોવાથી આયા બોલવું રે હાલ હાલ હાલ
આયા ઇધર આવ, બાબાગાડી લાવ,
બેબી રોતા હય, ફીરને લે જાવ, અલુલુલુ હાલ હાલ હાલ.

સંસાર લીલા—

ન જીવણ પ્રાણમાં બાકી ન ચેતન તનમહીં બાકી,
છતાં એ નાથમાં મારો અચળ વિશ્વાસ છે બાકી
જગતની હું નથી સ્વામી, જગત મારૂં નથી સ્વામી,
તમે મારા ન જો સ્વામી બધીએ આશા છે બાકી,
જગતના બંધનો તુટયા, નયનમાં આંસુઓ ખુટયાં,
જીગરના તાર છે તુટયા, રે છેલ્લો શ્વાસ છે બાકી.

સંસાર લીલા—

ભોળી હું જગમાં ભુલીરે જુઠા જગમાં
ફોગટ ફેશનમાં ફુલીરે, જુઠા જગમાં.
ઝાકળને મોતી જાણી, અબળા હંસી અટવાણી,
પહેલાં પરખ્યું નહીં પાણીરે....જુઠા...ભોળી.
નરદંભ પ્રેમમાં ડોલે, હું તારો એમજ બોલે.
મુખ અમી અંતર વિષ ઘોળે રે...જુઠા ભોળી.
દેખ્યા વિણ ઠગણુ ભરીએ, ભવરણમાં ભટકી મરીએ,
જોઈ પાત્ર પ્રેમ તો કરીએ રે...જુઠા...ભોળી.

દેશ દીપક—

મિથ્યા થશે ભાવિનાં
 વિધિની, ગતિની, નવ ગમ પડી...કદી પડેના
લખ્યા જે લલાટે લેખો...કોઈ ફરેના
 કળી ના-શકો કો પ્રાણી...હરિની ઘટના

દેશ દીપક— (સ્વપ્નાં)

સખી સ્વપ્ન બધાં (૨) નથી કોઈ સાચાં પડતાં
અલીએ શમણાં, મનની ભ્રમણાં, કુમળાં દિલ વ્યર્થ દુભવતાં
૧ લી-સોળ વરસની હું રસરમણી; સ્વપ્ને નાનો કીકો પરણી
રડી રડી રાતલડી ગાળી રસભર રજની વ્યર્થ બગાડી
જાગીને જોયું તો સુંદર શ્યામ હતા મન ગમતા....
૨ જી-મને સ્વપ્ન બાઈ એવા આવે, નવી શોક્ય નાવલીયો લાવે,
શોક્લડી એ ખુબ સતાવે, મને ભુવનની બહાર કઢાવે
જાગીને જોયું તો—નણદલ વીર દીઠા કરગરતા...
૩ જી-હું સ્વપ્નમાં બની ઈન્દ્રાણી, ભરે અપ્સરા મારૂં પાણી,
દેવલોકમાં દેવી મનાણી, થકી સ્વર્ગિય વૈભવ માણી,
જાગીને જોયું તો મારા રસિયા પંડેરો ભરતા....સખી.

દેશ દીપક—

જુવાન નરની પ્રીત નઠારી, પળપળમાં પલટાય,
ઉપરનાં આડંબરથી, ભોળી બાળા ભરમાય.
સોળ વરસની સુંદરી ઘરમાં, પરણ્યા પરઘર જાય.
રસનાં લોભી ભૂખ્યા ભમરા, ફુલફુલ ભટકી ખાય.
બધા પુરૂષ એવા નથી હોતા, એ વાતો ન મનાય.
આજકાલ સોમાં નવ્વાણું, નર પરસ્ત્રીને ચ્હાય,
મારૂં માનો તો બીજવરને પરણો સઘળાં બાઈ,
ઘરડાં ધણી આજ્ઞાંક્તિ કેવા, પરણીને સમજાય—જુવાન.

દેશ દીપક— (નાચ)

યાદી સતાવે અમને દીલદાર યાર તારી રે,
ઓ બેકદર ન કીધી તેં, કંઈ કદર અમારીરે,
ગુલ્જાં અમે બીછાવ્યાં, તેં ત્યાં બીછાવ્યા કાંટારે,
રાતો હજાર વીતી સુની પડી પથારીરે.

દેશ દીપક—

દેશ દીપક દેવાંશી, ચંદ્રની જનની જયકારી
ભૂમિમેવાડ મનોહારી...
રાણા કુળમાં રામ સમા જ્યાં જનમ્યા અવતારી.
જન્મ ભુમિનું રૂણ ચુકવવા, દેતા શીષ ઉતારી,
પુત્રધર્મનું પાલન કરતા, અડગ ટેક ધારી સુયશકારી.
વિરોની, જનની જયકારી,
દેશ દીપક.

દેશ દીપક—

અગર અમારા બનો જો દિલબર—વાવુ ઘરઘર નગરમાં કેસર
થશો અધિર નહિં જરા રસિકવર,તમારી મુર્તિ જીગરની અંદર
તમને બાંધુ જીગરને કટકે, હસાવું તમને નયનને મટકે
મીઠાઈ મેવા પુરી કચોરી,
કેરીનું ખાશું પ્રીતે કચુંબર, જોતાં તમને મનડું મલ્કે
ઝપુ મુખડે તારે, મીઠાશ છલકે, પાશું પીશું પલકે પલકે
મીઠા અધર રસ અધર ઉપર.

દેશ દીપક—

હાંહાંરે જેવા રાજા, બની હું તેવી રાણી
વાલા ઠકરાણા માગો તે સઘળું આપુ આણી
હવે હું ભરવાની સોનાને બેડે પાણી
સાગ શીશમના ઢોલીયા લાવો, ફુલની સેજ બીછાવો
ખસને પંખે પાણી છાંટી, પવન મને નંખાવો
પોઢે પ્રીત પછીથી પટરાણી, મોંઘી મજાઓ માણી.
માગો હવે સઘળું કોહો ખુલ્લે ખુલ્લી દીલની વાત
ચાર દીવસનું જોબનીયું પાછળ અંધારી રાત
તારે નખરે થયો હું પાણી પાણી...

દેશ દીપક— (હું નવી કે દુનીયા નવી)

મને કોઇ તો સમજાઓ, ઓ સ્નેહી સજ્જન
આજ હું છું નવિન, કે આ દુનિયાં નવિન,
છુપું છુપું બજાવે, કોણ હૈયાનું બીન......મને૦
ગાન હૃયે ઉડેને, વિશ્વ બોલી રહે,
ઘેન નયને ભરાય, જગત ડોલી રહે
કહો બોલાવે કોણ, હૃદય ડોલાવે કોણ ?
મને કોઇ તો બતાવો, એ તંત્રી પ્રવિણ—આજ હું છું નવિન.

દેશ દીપક—

અમી હલાહલ મદભર્યાં, શ્વેત શ્યામ રતનાર
જીવન મરણ ને વશીકરણ, ત્રણ લોચનના માર

રમણીનાં નયનોનાં લાખો શીકાર
બચે નર બીચારા જ્યાં વાગ્યા એ માર...રમણીનાં.
તીર કે સમશેરથી તો અંગ ઘવાતાં
અંગઅંગ નયનના કટાક્ષથી વિંધાતા
ત્રીલોકમાં મળે ન કોઈ જેનાં ઉપચાર...રમણીનાં.

દેશ દીપક—

જાદુ ભર્યાં તારાં નયનો સાંવરીયા,
કામણ કર્યાં કંઇક કાતિલ પાતળીયા
જીવની જડાઇ ગઇ હવે તું અમારી થઇ....કાં.
આવા કામણથી ભર્યાં જેના હોએ કંથ,
ભાગ્ય ફળે ભામા તણું, સુધરે સઘળા પંથ.
આવા છલબલથી ભરી જેની હોએ નાર,
કેશવદાસ કહી ગયા એનો બેડો પાર...કાં,

દેશ દીપક—

હાંરે ભરને દે ગગરી
મોરી ટુટ ગઈ રેશમ દોરી—રે
મય બારા બરસકી છોરી મોહે સાસ નનદકી ચોરી
મોસે કાહે કરત બરજોરી—રે
કર છાંડ કલૈયાં મચકે મોરી બાલ કમરીયાં લચકે
હય બારી ઉમરીયાં મોરી—રે

મનોરમા—

બાઇ હું તો ભુંડા ભરથારથી કંટાળી (ગઈ
મારી ખીલતી જુવાની મેં તો એળે ગાળી.
વાતો કરૂં જ્યાં હું હાસ્ય ને વિલાસની,
કહેતો તો ગમાર મને જા જા કંકાસણી,
કુમળા કાળજડાને નાંખે બાળી...હું તો ભુંડા.
રોજ રોજ લોક મળે જોવા તમાશા,
એકલી બેસીને હું તો નાખું નીસાસા,
સળગે સંસાર જડી સુખની ના બાળી. હું તો ભુંડા.

મનોરમા—

રંગીલી ફુલવાડી સોહાય, રસિકા ભાન ભુલી આ જણાય,
મધુકર ક્યાંય નહિ દેખાય, કુમારી આ કુમળી કરમાય.

(સાખી)

જીવન કુમારાં ફુલ સમાં, કુમારીનાં કહેવાય,
કોઇ કોઇના ચરણે ચડે, કોઇ વનમાં કરમાય,
મોઘાં કૈં પુલડાં એવાં, જગતની વાડીઓનાં,
અરધા ખીલેલાં, મીઠી સુવાસે ભરેલાં,
અણ ચુંટયાં અણ સુંઘ્યાં, બહુ પુલડાં કરમાતાં જોયાં.

મનોરમા—

સમી સાંજનાં આ સ્વપ્ન તને લાગ્યાં, રાતલડી કેમ જાશે,
નાની વયમાં મદનબાણ વાગ્યાં, સાહેલડી શું થાશે.

રંગ ખીલે નારંગી તારા લાગે, શાને શરમમાં તું ઉંચુ નીચુ ભાળે,
છાની છાની કહે કોને નિહાળે, બંધાણી ક્યાં સ્નેહ પાસે,
જાણી જાણી અજાણી શાને થાઓ, જુઠાં જુઠાં આ આળ કાં ચડાવો.
સખી જનની શરમ તો કૈંક લાવો, જોશે તો કોઇ શું કહેશે.

મનોરમા—

હૃદય રમણી તણાં છુંદે, રસિકવર હો તો એવા હો
ફરી મધુપાન ડંખો દે મધુકર હો તો એવા હો
અનેરી કેંક આશાએ અમે તો કાંઠડે આવ્યાં
રહ્યાં તરસ્યાં જીવનભરનાં જો સાગર હો તો એવા હો
દીધાં કૈંક દંશ મર્મોમાં નલિનીનાં જીવન સોંપ્યાં
અચાનક છેહ આ દીધાં સુધાકર હો તો એવા હો
નયનમાં આંસુના સાગર હૃદયમાં આગના ભડકા
અમે બળતાં તમે હસતા દયાકર હો એવા હો

મનોરમા—

આવ્યું જોબન શું, કોઇનાથી ઢાંકયું ઢંકાય,
એક માળે પુરાતાં, તો પંખી મુંઝાય.
દરદી દીલડાનાં દરદો, તો દીલમાં સમાય,
કોઇને કહીએ જઇ જગમાં, તો હાંસી થાય.
આવે ઉમળકા ક્યારે, પરણી સાસરીએ જાઉં,
મનમાન્યા મોહનવરની, ક્યારે માનીતી થાઉં.
ક્યાં સુધી લાજ આ રાખી રખાય.

મનોરમા—

રસભર રમીએ રજની આજ, કાલ કહો કોણે જોઇ છે,
કાલ કહો કોણે જોઇ છે. (૨)

રસ રસરૂપ ભગવાન મનાતા, રસ જીવનનો સાર,
રસ લુંટતાં રસ પાતાં પીતાં, જવું મુક્તિને દ્વાર.
રસ કયારી સુંદર રમણીઓ, ગુરૂ છે રસ અપાર,
રસના રાસ રચાવી રસીલાં, લુટો રસ પુર બહાર.
રસીક મુક્તિના પંથ અમારો, રસનિધિ પંચમકાર,
એને જાણું તે સુખ માણે, આ સંસાર અપાર.

મનોરમા—

જગતમાં જુઠી પુરૂષની પ્રીતી સ્વાર્થની સંગે એ રમે
સ્વાર્થની સંગે એ રમે ફુલફુલ ઉડીને ભમે.
જ્યાંલગી ખીલતી ફુલવાડી અલી પરવશ બની જાય
તેમ ખીલતા નારી યૌવનપર વિલાસી નર લલચાય
મધુરી એની અંગ કળા કરમાય ખીલેલી જુવાની ઝાંખી થાય
ભ્રમર નર ઉડીને ભમે—જગતમાં.

મનોરમા—

પ્રેમે થયા દીવાના, સ્વર્ગીય સુધા પીવાના,
કંટક તણાં બિછાનાં હોજો, ભલે સુવાનાં.
નયને સનમની જયોતિ. હૃદયે સનમનિ મુર્તિ,
મંદીર કયાં જવાનાં ?

જ્ઞાનો અગમ નીગમનાં લુખાં, પ્રીતી વિનાનાં,
દુનીઆં કહે દીવાના, તેને કશી તમાના.

સેવકધર્મ— (જોબનકી જુવાની)

"જવાની ભી અજબ અંદાજસે રંગત જમાતી હય
કહું કુચ્છ હાલે દીલ અપના તો મુજકો શર્મ આતી હય
છુપાઉં કબતલક ઈનકો યહે ખુદ ઉઠ ઉઠકે આતે હય
યે દોનોં બેદર્યા બનકર મુઝે હરદમ સતાતે હય."

ઓ જોબનવાલારે જોબનકો જરા રોકલે—ઓ.
આનભરા રસમેં ચતુર નહીં બસમેં
બાલા જોબનરે યેહ નાહીં મેરે બસમેં—ઓ.
બીસમીલ મેરે બસમેં ખંજર મેરે બસમેં
બાલા જોબનરે યેહ નાહીં મેરે બસમેં—ઓ.

સેવકધર્મ— (મારવાડી ગાયન)

ઇન અખીંયાદા તીરવે ખાલી કદી ન જાય
દીવા મ્હારે રૂપરી અગ્નીસેં જલ જાય
હુંડી વાલો શેઠનવા નહીં આયોરે (૩)
મેરે હોંટોંતે લાલી રહે સુના બાગ બીનમાલી શેઠનવા
મારી સેજરીઆ આડી
અઠે કોન સોએ મારવાડી—શેઠનવા

"રા" માંડલીક—

વીજ ચમંકરે મેઘ ગાજે ઘનઘોર;
ભીંજે આછી આછી સાલુડાની કોર
રે રાજ વ્હેલા આવોરે
મોર ટહુકેરે નાઝમ રાતના ટહુકે છે પેલા મોર
અમારાં હૈયાં ચડાવે ચકડોળ.......રે....
ભર જોબનમાં એકલી બાળા બાળે વેષ
હૈયાં સુનાં વ્હાલમમાં મુકી ગયા શું વિદેશ
વિજલડીરે ઉભી જો રહે તો વ્હાલમને કહાવું
એક વાતલડી જો.
સજની સલુણાને એટલુંજ કહેજો કે
તમ માટે ગાળી મેતો જાતલડી જો.

"રા" માંડલીક— (ગરબા)

ચલરે ગાગર ચલરે ગાગર જમનાજી જઈએ
જમનાજી રળીયામણાંરે ગાગર ઘુમે—ચલેરે
સાનુ સમરા તો માગ હિણચે ન દેજો
જોડ જોડાણી કોણ લેખે (૨) ગાગર ઘુમે—
પરણ્યો મારો તો પીટ્યો ઉંઘનો છે એદી
ભુલી નણંદને પગે મેં દી ગાગર ઘુમે
પાદશાહી લેલ કોઈ કુંવર કનૈયો
વારી જાઉં બંસીનો બજૈયો ગાગર ઘુમે—

"રા" માંડલીક—

અલી ગાલો ગુલાબ તુલ્ય તારા સંભાળ જરી બાળા
ભોગી મધુકર જો લોભાશે
ચુંબન આશે આવશે પાસે
" એમ.........હા.
રસિલાની લુંટાશે ફુલમાળા સંભાળ જરી બાળા
જાઓ બ્હેની મને ના સતાવશો
સ્મીત પુષ્પે વ્હાલમને વધાવશો
થા કંઠ આભુષણ થા
જા જાણી તને જા
ડંખ દેશે ગાલે એ સરાળા સંભાળ જરી બાળા

વીર તાનાજી—

ડીયર જો જો ન ભુલ થાપ ખાશોરે
તમે જુબીલી બાગ માંહી આવજો. ડાયર૦
લહેરીપુરેથી લાલાની ખજુરી
સુરસાગર પરથી પુરી પકોડી
જોડે મેવા મીઠાઇ કાંઈ લાવજોરે તમે૦
સાડી હશે મારી ભુરી વાયલની
સીટી મારીને પ્રીતમજી તીણી
મને બેન્ડ સ્ટેન્ડ પરથી બોલાવજો તમે૦

વીર તાનાજી—

ગરમ જલેબી મારી ઘર ધણીઆણી છેરે સ્વાદ તણો તું ટુકડો
બુઢ્ઢા બુઢ્ઢીની જોડ મઝેની તું કુકડી હું કુકડો.
ગુડસ ટ્રેનનું તું ઇંજીન બને તો ડ્રાઇવર તેનો થાઉં
છક છક પૈસા કરતું ચાલે મુંબાઇ શહેરમાં જાઉં છો૦
ફેશનેબલ મારી ચશ્માવાળી, સૃષ્ટિ તણો તું નમુનો,
હું બેલ છું બુઢ્ઢો ખચ્ચર, તું છે ખટારો જુનો. છો૦

વીર તાનાજી—

મીત્ર મીત્રમાં ફેર છે, તાળી મીત્ર અનેક છે;
મન મીત્રો દુનીઆ મહી, કંઈ લાખનમાં એક છે.
શાણા કઠીણ કસોટી કરીએ.........
મીત્ર શબ્દનું મુલ છે મોંઘું, મીત્ર હૃદય પારખીએ શાણા.
કોઈ લાડીના, કોઈ વાડીના, ગાડીઘોડામાં ફરતા;
આપૂત સમયે, પાસ ન આવે, દશા જોઇને હસતા.
અને કે એક રત્ન મેળવીએ........શાણા.

વીર તાનાજી— (સમયના રંગ)

પૂરે સમય સુકાન, (૨)
દશાફેરે ભુપ્પો પૂરે, ભુલે મુનીવર ભાન; (૨)
મ્હેલ ઝરૂખા બાંધ્યા લક્ષ્મી અપરંપાર,
થતાં ભસ્મીભુત જે સમયે, જેવા ઉજ્જડ વેરાન—પૂરે૦
પાપી જગે પુજાય છે, રહી પાપે મસ્તાન,
ધાડ ધણી ઉપર થાય છે, ખાવા ન મળે ધાન,—ફરે૦

વીર તાનાજી— (ફારસનું)

થશો દેશને ખુવાર તમે સમજો લગાર ભાઈ,
સમજો લગાર ભાઈ;
પછી મીસીસ મીસ્ટર થઈને માલશે બાપુ.
બાપદાદાના નામ બેટા બોળશો શુ આમ,
પડી ધુળ પાણીમાં પછી ધોવાશે બાપુ.
બેસી મોટરે ફેશનથી ફરશું ફરરરર,
મીસીસ મીટીંગોમાં જઈને ભાષણ કરશે કરરરર.
હતભાગી ભારત કેરો કયમ થાશે ઉધ્ધાર,
બસ ફેશનથી થઈ જાશે બેડો પાર પાર પાર.

રા' કવાટ—

આજ લંગરવા લાલકો લુભાવું
સજું મંય અયેસે સંગાર
મોરી સજની—આજ.
નાક નથનીઆ બાંદી બનાવું
સજી શણગાર રસરાજ રીઝાવું
હરિ કો હાર મય બન જાઉં—આજ.
આજ મોહન જબ આવે મંદરવા
પુલોંસે સેજ બિછાવું સખીરી ફુલોં—
લટુ બના દું આજ લાલકો
તન મન શુધ્ધ બીસરાવું સેજરીયાં
અયેસો રંગ જમાવું—આજ.

મહાદજીશિંદે—

તારી કળા ન કળાય કોઈથી ઈશ નીમીશમાં કાંઈ કરે તું
કર્મ અકર્મ અકર્મ કર્મ કરી અઘટીત ઘટના ઘટીત કરે તું
દમયંતી તારા સાવિત્રિ સમ કુસુમ કોમળ સુંદરી
કરી જીવનમાં વનવાસીની એ અજબ કૃતિ તારી હરિ
જ્યાં ગ્રંથ વાંચું સૃષ્ટિના તો વિરહના પાના જડે
ક્રૂર થઇ કીરતાર તુજને એવું લખવું કાં પડે.

મહાદજીશિંદે—

આલમના મહેમાન માનવી બે દીન અહીં ટકનાર
અરે આ માટીનો સંસાર
ધન વૈભવને માલ ખજાના માટીમાં મળનાર,
માટીનો તું અરે માનવી માટીમાં સુનાર.
આલમની પુલી પુલવાડી બે દીનમાં ખરનાર,
કાળ ઝપાટે જીવન રોશની જરૂર અસ્ત થનાર.

શાલિવાહન— (ગઝલ)

રસીલાં પ્રેમીના હૈડાં પ્રીતમમાં રાત દિન રમતાં,
સલુણાં શ્યામનાં સ્વપ્નાં નજરથી ના ઘડી ખસતાં.
પ્રીતમ જો હોય પાસે તો બધુંયે વિશ્વ પાસે છે,
વસે દુર જો નજરથી એ જગત આ શુન્ય ભાસે છે.
અધુરા એ સવાલોના જવાબો પ્રેમીઓ ખોળે,
અજબ ઉત્તર એ પ્રશ્નોના, એ પ્રશ્નોમાં લખાયા છે.

શાલિવાહન—

મારી સામે ન જોશો જરાય—નજર મને લાગેરે,
જોતાં નયને નયન ઢળી જાય, નજર નહીં લાગેરે—
ભૂલી મને હું સૌને ભૂલાવું;
ભૂલો નહીં એવા ભેદ શીખાવું,
મીઠી મુંઝવણી થાય—નજર મને લાગેરે.—
જાદુગરી તેં જાદુ ચલાવ્યાં;
મોહન મંત્રથી ભાન ભૂલાવ્યાં, કોને ખબર શું થાય.—

શાલિવાહન— (ગઝલ)

મીઠી નજરના તરસ્યાના તરસ્યા બની રહેજો,
સિંધુ તમે તો બિંદુ સમ અમને ગણી લેજો.
છે સાગર હૃદય તમારા, ત્યાં શા અભિમાન અમારાં,
નિભાવજો શરણાંગત જાણી દોષ સહી લેજો.
જીવન તમારે ચરણે આત્મા તમારે શરણે,
મમ આત્મ તણા પરમાત્મ બનીને અંતરમાં રહેજો.

એ કોનો વાંક ?—

ચુંબન વીણ તો સ્નેહ ન જામે.
(તમે) જુઓ જગતના ખેલ (૨)
ચુંબનને ચટકે ધોવાયો, સ્નેહી મનના મેલ—તમે
—હાંરે જયારે વહતા વાણી આંખે આંખ હસી લે લ્હાણી
દીલથી દીલ દબાવી કહેતું, કંઈ કંઈ કીસ્સા કહાણી
વસમી વાતો એ મુશ્કેલ, સમજવી નથી અન્યને સ્હેલ—તમે.

—પશુ પક્ષીઓ જુઓ બીચારાં
વાણી વીણ વીચરે દુખીયારાં
સ્નેહ ઉમળકો મૌન વૃતિએ શમાવે ચુંબન દ્વારા
નીમળ સ્નેહ તણી એ વેલ
પોશવી ચુંબનથી કરી, પ્હેલ—ચુંબન.

એ કોનો વાંક ?—
ખાન્દાની નથી તુજ ખમીરમાં
ભલે ગણતી થાતી હો અમીરમાં—ખાન્દાની.
સ્વાંગ શાહુકારીનો કર્મો છે કાળાં
છુરી બગલમાં કરમાં છે માળા
પડયું સોમલ સુધાસમ ખીરમાં—ખાન્દાની.
દુરથી દેખાતા ડુંગર રૂપાળા
હૈયા હેઠળ હોય પત્થર કાળા
ન હોય સંભવ કુન્દનનો કથીરમાં—ખાન્દાની.

એ કોનો વાંક ?—
હો મુસાફર જાગ જાગ સુતો શું સોડ તાણી
પંથે પડી ચાલ ચાલ, સમયને અમુલ જાણી—હો.
ઉંઘમાં ગુમાવી તેં ઘડી જે ભલે ગઇ તે ગઇ.
સમયનો કરી લે સાથ બાજી હાથ રહી તે રહી.
તીમીર ટળે પાપ બળે કાન્તિ મળે શાન્તિ મળે
ભાવીને તું ભેટ હસી.
શાને લાવે આંખ પાણી—હો.

એ કોનો વાંક ?— (કાકા ભત્રીજો)

કયાં ચાલ્યા ઓ કાકા નહિ દઉં જાવા.
—મસાણમાંથી ઉઠી આવ્યો મફત મલીદા ખાવા—કયાં.
—સુના આ સંસારમાં મને કોણ દીલાસા દેશે
—કાકી તારી ઉભી આંગણે તારાં છાણીયાં લેશે
—કાકા વિયોગે તારા મરીશ હું ઝુરી ઝુરી
—કોનસ્ટેબલનો કાન પકડી તારી ભરીશ જુરી
—ગોળને પાણીજ નાહી ક્રિયા કરજો પુરી
—તે દાડે તો દીકરા હોંશે ખાશું લાડુ પુરી—કયાં.

એ કોનો વાંક ?—

ધીમા ધીમા ચાલો રે મુનીમજી
પતલી કમર બલ ખાયરે
બાણ નયનોમાં એવાં કાતિલ
જડ પત્થર આ પાણ થઈ જાય—ધીમા ધીમા.
—જખમો ઉંડારે શંકરીયા
દીલના આજ સહ્યા નવ જાય
જેઠીમાં જીવ પેઠો મારો
—ચોક ચડયો ચુથાય રે
—અરરરરરરર હાય, અહીં કંઇ થાય—ધીમા.
—સુણ સુણરે શંકરીયા તું દીયરયો મારો થાય
—છે બહુ પાઠો મારો કાકો
કોણ તમારો એ થાય.
—અરરરરરરર હાય અહીં કંઇ થાય—ધીમા.

ભીષ્માપિતામહ—

રૂઠા રૂપાળા બહુ બહુ જોયા, પણ અંતરના મેલા,
ઉપર ઈંદ્રામણા સરીખા, અંદર ઝેર ભરેલા.
ચંદન વૃક્ષે સાપ રહે તેમ, સજ્જનમાં દુર્જન ખળ છે;
સુગંધથી સમજાશે સઘળા, કસ્તુરી કે કાજળ છે—રૂઠા.
કરી આકરી પુરૂષ પરીક્ષા, ગુણના સાગર ગોથી લ્યો;
તજી શંખ શેવાળ સમાને, મહા મૂલ્યનાં મોતી લ્યો—રૂઠા.

ભીષ્મપિતામહ—

એક પત્નીના પિયુની પ્રેમી, ભૂષણ સૃષ્ટિનું લેખાય,
એ દંપતીના લાડ કોડ સૌ, સંસારે સુખથી સચવાય.
પરખી પ્રેમ અખંડ પ્રભુ પણ, સંકટ સમયે કરે સહાય;
જુઓ સુકન્યા સાવિત્રિ જે, સખીમાં મુગટ મણિ દેખાય-દંપતી.
એક પત્નીવ્રત રામચંદ્રનું, પામ્યા જનક સુતા જ્યાં ન્યાય;
અખંડ પ્રેમ વડે એ દંપતી, ઇશ્વર રૂપે બધે પૂજાય-દંપતી

ભીષ્મપિતામહ—

બળવાન વિધિના લેખ, બહેની, બળવાન વિધિના લેખ;
એમાં થાય નહિ મીન મેખ— બહેની.
એક ગુલાબનાં ફુલડાં બહેની, માળીની છાબે વેચાય;
એક ચડે મહાદેવને, બીજું પગ તળે કચરાય—એમાં.
પંખીના મેળાની પેઠે પિતા ઘેર, પુત્રીઓ ભેળી થાય;
પિયર મેળો બે પહોરનો, તજી ભાગ્ય લખે ઘેર જાય—એમાં.

ભીષ્મપિતામહ—

ભુમંડળમાં સરવે જોયા, લક્ષ્મીને ભજનારા;
શ્રીમંતના પગલાં પણ સારાં, નિર્ધન મુર્ખ નઠારાં–ભૂમંડળ.
ધનવાન ઘેર ધકકા ખાતા, સરસ્વતી સુત ગુણના જ્ઞાતા;
લક્ષ્મી તન મૂરખ પૂજાતા, વિદ્યા ઉપાસક સૂકાતા—
ધન્ય ધન્ય છે લક્ષ્મી માતા, અકળ કળા તારી વિખ્યાતા;
વાહ, વાહ, વાહ–ભુમંડળ.
રાંડ ભાંડ નાટક કરનારા, શોધે શ્રીમંતને ગાનારા;
અમૂલ્ય રત્નના જોઇ ચમકારા, ખમા ખમા કરે બ્રાહ્મણ સારા;
અવગુણ સઘળા ઢાંકી નાખે, પૈસાના સઘળે પોબારા–ભુમંડળ.

ભીષ્મપિતામહ— (ગઝલ. સ્ત્રી હઠ.)

હઠે ચડયાં જણ ચાર, વાર્યાં તે તો નવ વળે,
નૃપ જોગી સ્ત્રી બાળ, મુવા સુધી હઠ નવ મુકે.
રાજા જોગી બાળ શાંત રહેનારા, કળા કૌશલ્યથી વશ હોનારા;
અબળાનું ઔષધ કોઇ ન જાણે, માથું ફુટે ફુટે સુંદર પાણે–રાજા
ખુશામત રીઝતો ભુપાળ, માતા મનાવે હઠે ચડયું બાળ;
જોગી સેવાથી કદીપણ રીઝે, વનિતા વસમી વેણમાં ખીજે–રાજા.
રામા રહેશે તો આપ વિચારી, ચાલે નહિ તેના બાપની કારી;
ધાર્યું પોતાનું એ નિશ્ચે કરશે, હઠે ચડી કોઇથી નવ ડરશે–રાજા.

ભીષ્મપિતામહ— (સ્ત્રી પુરૂષવેશમાં)

સ્ત્રી શરીરનાં લક્ષણો મારાં, શી રીતે છુપાશે;
નિતંબ મોટા કેડ પાતળી, છુપા કેમ જળવાશે–માજી–સ્ત્રી.

નેત્ર બાણ મારાં નહીં છુપે, રમણી સમજી જાશે;
જોબન મારૂં હસ્ત મેળાપે, જરૂર ઉન્મત થાશે–મારી–સી.
પોગળ મારૂં જરૂર ત્યાં તો, કન્યાને પરખાશે;
સાસરીયામાં થશે ફજેતી, જીવ રખેને જાશે–મારો–સી.

ભીષ્મપિતામહ—

મીઠી મીઠા આંબલીઆની ડાળપે, કોયલડી ટહુકા કરે;
ઝુરણાના સાસુડીનો બાળરે, સાદ તાણી તાણીને મરે.
કોણ જાણેરે એના વિરહિણીનો વેશ,
વીતી જાણેરે જેનો પિયુડો પરદેશ;
ન રહે ભાન તેને લેશ (૨) ઘેલી ફરે છુટે કેશ–વીતી જાણેરે.
જ્યાં મન સાથે મન મળ્યું, ત્યાં તન મન ધન ડુલ;
અનઘડથી અંકાય ના, પ્રીતલડીના મુલ કોણ જાણેરે–મીઠી મીઠી.

ભીષ્મપિતામહ—　　(પરણ્યાની પહેલી રાત)

પરણી વર કન્યા રમે, રજની રતિ રંગ ભોગે;
સ્વર્ગ સુખ પરહરો, પ્રથમ રાત વિયોગ.
આઘા આઘા શું જાઓ છો રીસમાં, શું જોડયું છે ચિત્તજગદીશમાં;
શીદ પરણ્યા પિયુ ત્યારે પ્રીતથી, રહેવું હતું કુંવારા એક ચિત્તથી
આઘા.
લ્યો લ્હાવો અવસર રૂડો જાય છે, મારા મનડામાં કાંઇ કાંઈ થાય છે
જાણે ચુંબન આપું ભીડું બાથમાં, રમશું રજની રૂડી રઢી સાથમાં
આઘા.

ભીષ્મપિતામહ—

અહો ધર્મ કર્મ વિણ, અખંડ સુખડાં ક્યાં મળશે ક્યાં મળશે,
પરભવનાં પાપો ક્યાં બળશે, તન મનના તાપો ક્યાં ટળશે—અહો.
ઉંચું જોતાં નર આખડશે, નીચું જોતાં ઉંચા ચડશે;
પોતાનું પોતાને નડશે, નહી જળમાંથી માખણ જડશે,
હરિ ચરણ શરણમાં તાપ ત્રિવિધના, સહુ ટળશે સહુ ટળશે—અહો.

ભીષ્મપિતામહ—

જેને સ્વજન કુટુંબી કુપાત્ર મળે,
તેના સુખ તણી નવ આશ ફળે—જેને૦
અતિ ક્લેશ થકી કકળે,
વળી અગ્નિ વિના દિન રાત બળે—જેને૦
જેના સ્નેહી સંબંધી સુપાત્ર ઠરે,
મનવાંછિત ઇચ્છિત અર્થ સરે,
જન્મી જન જન્મ સફળ કરે—જેને૦

એકજ ભૂલ—

મને ભોળીને ભરમાવી રે મા કેમ કરૂં ?
અણસમજુને ફોસલાવી રે મા કેમ કરૂં ?
મારી પાસે પાસે આવે, છાની વાતો સંભળાવે
મારૂં દીલ લલચાવે પેલો ગરજી,
પ્યારી કહીને બોલાવે એની પાસે કેમ ફાવે ?

એ તો સાંભળે ન એક મારી અરજી.
છાતીમાં તો અરરર રરરર અરરર રરરર થાયરે—મા.
એના મોહાની માઠાશ એ તો જાણે નાગ પાશ,
પછી હોય કે ન હોય મારી મરજી
કરે પરાણે એ પ્રીત, એ તે ક્યાંની રીત :
થઈ બેસે છે ધરાર મારો વરજી!
છાતીમાં તો થરરર રરરર થરરર થાયરે મા કેમ કરૂં!

ગઢપતન—

નાચે છે મોર, આલી નાચે છે મોર,
વ્હાલમની વાડીમાં નાચે છે મોર
નાચે છે મોર મારા ચીતડાનો ચોર
વ્હાલમની વાડીમાં નાચે છે મોર
પડે વર્ષાદ ચોધાર, ગાય સુવતી મલ્હાર
પ્રેમ વીણાનો તાર કરે વાગી ઝંકાર
કળા ભરી મેંર, કરે ટુહુ ટુહુ શોર
વ્હાલમની વાડીમાં નાચે છે મોર.

એમાં શું—

સુંદીર સાહ્યબારે મને શાને ? લીધી ત્હારી બાથમાં
રોક્યું હૈયુ નારે મારા હાથમાં સુંદીર.
આ શું સાહેબોની એટીકેટ છે,
તું તો જેન્ટલમેન પૂરો અપટુડેટ છે,

પ્રેમ મંદિરનું ચુંબન ગેટ છે,
એ તો ગ્રહસ્થાઇની સરટીફીકેટ છે,
સદા રહેલું રમણીઓના સાથમાં સુંદીર.

જીવન નૌકા—

અમર સ્નેહ ભર્યા સન્માન
સોહાગી સ્વીકારજો હો રાજ
હૃદય નંદન વનમાં ફુલપાન—સોહાગી સ્વીકારજો હો રાજ
મન મંદીર અધીક અજવાળ્યું,
ઉર આસન સુંદર બીછાવ્યું
અછેદ પ્રીતી દાન રસીકને (૨) —સોહાગી
પ્રેમ અંજલી ભેટ ગૃહને
વ્હાલ વધારો વ્હાલા રહીને
અર્પ્યાં તન મન પ્રાણ ચરણમાં [૨] —સોહાગી

જયદેવ—

બાઇ મ્હારી પુલવાડી શ્યામે લુંટી
પુલ મહારાં મોંઘેરાં લીધાં ચુંટી—બાઇ૦
છાનો આવીને છુપાયે,
હવે શું કરૂં ઉપાય મારી ધીરજ ખુટી—બાઇ૦
પુછું ત્યારે પાય લાગે
કાલો થઇ માફી માગે (૨)
કરૂં વશ કેમ એને કોઇ તો બતાવો બુટી બાઇ૦

વીર માનસિંહ—

હિંદ ભુમિ છે માત અમારી, પ્રભુ અમારો તાત
માનવ જાત વસે આલમ તે, બધા અમારા ભ્રાત
પ્રજા અને રાજા બન્ને, છે એક એકના દાસ,
ધર્મ ભુલે રાજા રૈયત તો નક્કી થાય વિનાશ.

સાખી { જુલમ તો ઝાઝા દિવસ, સાંખી પ્રભુ શકતો નથી,
અન્યાયથી જે રાજ્ય કરતા, રાય એ ટકતો નથી.

સાખી { માની પ્રજાને તુચ્છ જે નૃપ ગર્વથી ફુલાય છે,
તે જાણતો નથી ઝાઝી કીડી, સાપ તાણી જાય છે.

આંખ ઉઘાડી જુઓ બાદશાહ? કોણ રંક ને રાય?
માટીની કાયા છે સહુની, માટીમાંજ સમાય.

નુરેવતન—

ગજારે ઈશ્કમે ગ્રાહક હય કોઇ પુકારે!
મઓસમી મેવા હું મએ સસ્તા ખરીદારો!!
સીનેપે ઉભરે હુવે દો અનાર હએ.
દીન એહ શબાબકે કએસે પુર બહાર હએ?
"ન કોઇ મુજકો એહ ફરમાએ બેવફા દીલ હું."
"અનોખી, જીન્સ હું, પ્યારા હું, બાહયા દીલ હું."
"ભરી હએ દર્દે મહબ્બતને બીજલીયાં મુજમે."
"ખરીદ લે કોઇ મુજકો કે ચુલબુલા દીલ હું."

ભજન—

મને કોઇ મેળાવોરે ગોકુળીઆ વાળો ગારૂડી
જેરે જોઇએ તેને મ્હોં માંગ્યું આલું
આલુ મારા હૈયા કેરી હાટડી —મને૦
માથે મટુકી મારી મહીની ભરેલી
પ્રેમે ભરેલી મારી પારડી —મને૦
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ
ચરણુ કમળ જાઉં વાટડી—મને૦

રાણા પ્રતાપ— —: ગઝલ :—

બલિદાન માંગતી હોય, માતા તો કયું છુપાઉં,
કિસ રોજકે લિયે હય, યે કયું કામમેં ન લાઉં.
જન્મભુમિ જનનીકો, સંતાનકી દરકાર હય,
તબ ન આને કામ વો, સંતાનકો ધિક્કાર હય.
જબ બુલાવા દેશકા આયા, મંય કયું બયઠા રહું?
યે તો ધન હય, પ્રાનભી જો ચાહો તો તૈયાર હય.
જીસ મીટ્ટીસે બનાહું, જીસ મીટ્ટીસે પલાહું,
ઉસ મીટ્ટીમેંહી મીલકે, કર્જા ન કયું ચુકાઉં—બલિ.

નુરેવતન— —: ઉસ્તાદી :—

ઝુમત આવે શામ મતવાલા,
એક હાતમે પ્રેમકી બોતલ, દુજે હાતમે પ્યાલા;
દેખો સખીરી લીપટ ન જાએ.
ટુટ ન જાએ મેરી મોતનકી માલા,
ઝુમત આવે શામ મતવાલા.

ભુલનો ભોગ—

મંચ કયસે ભરૂં પનીયા રે પનઘટપે,
નટખટ બોલત ઘુંઘટ ખોલત;
નેન નચાવે કનૈયારે પનઘટપે—મંચ કયસે.
જ્યાસે પનઘટપે હુએ જબ, નયનવા ઘનશ્યામકા,
ઢુંઢતે લગે નાચને, દીવાના અમૃત જાનકા.
પનઘટરે કહાં તું ભાગતી, પૂરીયાદસે હય કામ કયા,
ઘટઘટમેં બાસી હય સદા, વો કાન ગોકુલ ગામકા.
લાજ ધરત નાહીં જાદુ કરત નાહી, બંસીવાલા કનાઇ,
ડરત ફીરત કામનીયાંરે પનઘટપે—મંચ કયસે.

સાલતા પુર્જા— (ગઝલ)

મુરખ છાંડ વૃથા અભિમાન, અવસર બીત ચલ્યો.
હય તેરા દો દિનકા મહેમાન, અવસર બીત ચલ્ય હય.
ભૂપ અનેક ભયે પૃથ્વિપર, તેજ બલવાન,
કુઉન બચ્ચો યા કાલ ગાલતે, મિટ ગયે નામ નિશાન.
અંત સમય સબહીકો તજકર, જાય બસે શ્મશાન,
ધવલ ધામ ધન ગજ રથ સેના નારી ચંદ્ર સમાન.
રે મન મુંઢ અંત જીભ ભટકે મેરા કહ્યો અબ માન,
નારાયણ પ્રજરાજ કુંવરસો, બેગહી કર પહીચાન.

સાચો સંન્યાસ—

આવાં મીઠાં વેણુથી, આમંત્રણ જ્યાં થાય.
અમ સરખાં માણસ થકી, ના તે કયમ કહેવાય ?

હાં ફુલડાં વીણવા કદિ આવશું, મધુરાં ફુલડાં વીણવા કદિ આવશું.
પંકજશાં આ પગલે, ક્યારે સોહાવશો ફુલવાડી ?
ધીરા હો રાજ—મધુરાં.
તમારી વાડીનાં મોઘેરાં ફૂલ, ગુંથી કરૂં ઓઢણી અણમુલ,
ધરૂં અંગે, ઉછરંગે, રૂપ આ છલકાઇ જાય. ધીરા હો રાજ—મધુરાં.

ભાગ્યોદય—

ચાલોજી પીયા ખેલો આજ હોરી.
તારી રંગ ભરી પીચકારી સોનેરી,
દેહ ભીંજાય જો, ગોરી ગોરી મેરી—ચાલોજી.
તું વસંતની વેલડી, લહેરે લળી લળી જાય,
તેમ તેમ મોહન મંત્રથી, મુજ મન ઝોલાં ખાય.
પીયાં તારા ઘેરાં નેનાં, કસુંબલ ઘેર્યાં નેનાં,
ઝોકે ના જાજો વ્હાલા, રંગ ચુવે ને ભીંજાય સાડી મોરી-ચાલોજી

મતલબી દુનીયા— (નાચનું ગાયન)

ગઇ મેરી જાન રે! ઘુઘરૂ છુડાદે અય સુબહાન !
નાચ નાચકર મય થક ગઇ, પીશવાજસે મય દબ ગઇ!
તાતા થઇયા કરતે મર ગઇ, મુઝે દે અમાન રે !—ઘુઘરૂ૦
નીગોડા એહ તબલ પુટે, સારંગીકે તારે ટુટે,
મનજીરેકી ટન ટનસે, એહ ફુટે મેરે કાન રે !
ઉસતાદોંકી નાહક ઝીડકી, નાયકાકી ઉસપર ઘુરકી,
જબ જાએ ઠુમરીકી મુરકી, છુડા મેરી તાન રે !

ગાફીલ મુસાફીર— (હોલી)

ફરમાતે હુંએ જનાબ. કે હોલી સુનાઇયે,
કયું કર સુનાએં ? આપહી ગાકર બતાઇએ;
અબ તાક પુરાને મુજરેકે, વાપસ મીલે ન દામ?
નવાબ સાહેબ, સીધી તરેહ દામ લાઇયે.
કઓન ખેલે સખીરી, અયસી હોળી ?
ઉંચી દુકાનકા, ફીકા પકવાન હુએ,
ખાકર કયા ગાઉં, મય હોલી ?

જાતાદી— (નયનોકા જુલમ)

પ્યારે તોરે નયનાં રે સીતમ કરે,
સીતમ કરે, (અરે વાહ વાહ !) જુલમ કરે;
(હાય હાય) ! ગજબ કરો—પ્યારે.
હય ગજબ આંખોમેં, સુરમા લગાયા ન કરો,
ઉમ્ર બાલી હય, અભી પાન ચબાયા ન કરો.
હમારે સામને ગયરોંકો, બુલાયા ન કરો,
જુલ્મમેં જાન મેરી, અબ તો જલાયા ન કરોઃ—પ્યારે.
ઔર મીસ્સીકી દમક. ઔર ગાનકી લાલી,
ઔર જુગનુંકી ચમક. ઔર કાનકી બાલી.
ચારહી જુલ્ફ ઘટા, છા રહી કાલી. કાલી.
તેજ કટાર ન મારો. સૈયાં મય મતવાલી,
જાદુ ભરીમાં નયનાં તેજ જ ખમે જીગરકો સતાયેરે-સીતમ કરે.

મતલબી દુનીયા— (જમાનાકા રંગ)

દેખા એહ આજ મયને, જમાના બદલ ગયા!
આંખે બદલ ગઈ હુંય, ફંસાના બદલ ગયા!
ફીતરકે હર અસરમે, હુવા કયુંયહે ઈનકેલાબ?
પાની ફલકપે, ખેતમે દાના, બદલ ગયા!!
મુજકો હય એહ તાઅજ્જુબ, એહ ઈનકેલાબ કયસા?
દુનીયામે આ ગયા હય, દઓરે અજાબ કયસા?

દેવકન્યા—

મુને ઘેલી કીધી છે નંદલાલે, છેતર્યો છોગાળે.
મુને મારી નયનોનાં બાણ. છેતર્યો છોગાળે.
કોરી લીધું છે એણેજ કાળજડું મારૂં સખી,
ભુલી હું તો સાન ભાન, છેતર્યો છોગાળે—મુને૦
મુરલી મધુરી વાગતી, વેધક નાદ અખડ.
મોહન મંત્ર સખી ભર્યો, લોભાવે મુજ મન.
આસો માસે અટપટો, શ્યામળીયાજીરે વ્હાલા,
કૃષ્ણજી કાળુડો નાગ, કાંન ડસીયાજીરે વ્હાલા—મુને૦

ગાફીલ મુસાફર—

દુનીયાંમે જો ચલા નેકી પર બેડા ઉસકા પાર હુવા,
માલ ખરીદા જીસને અચ્છા નફા મીલા જરદાર હુવા.
ખોટા સઓદ જીસને કીયા નુકશાન ઉઠાયા ખાર હુવા,
પરખા જીસને આપને આપકો, દીલકી કસોટીપર કસકર;
શરમીન્દા ફીર દુનીયામે ઈનસાન ન વોહ જીનહાર હુવા

રામાયણ— —: કવ્વાલી :—

જો હય મંજૂર ધન-રક્ષા, તો ધનવાનો બનો દાની,
કુએસે જલ ન નિકલેગા, તો સડ જાયેગા સબ પાની.
દિયા જલ હમકો બાદલને, તો ફિર ચાહે ગયા બાદલ,
રહા નીચાહી સાગર, હય અહાતાકો પશેમાની.
કોઈ મરતા હય ધન દેકર, કોઈ દેતા હય ધન મરકર,
જરાસે ફર્કમેં બન જાતે હૈંય "જ્ઞાની" કે "અજ્ઞાની"

સાત ઉજળી— (ગઝલ)

નથી સુખચેનની છાયા, સુખડ સંસારની માયા,
અકળ સંસારની ઘટના, રચી નિર્ધારિત જગરચા.
ઘડીમાં હર્ષ છલકાતો, પલકમાં આફતો પુરી,
કદી કો લગનનો ઉત્સવ, કદી જલ્લાદની છુરી.
સમજીએ આ જગટ જંજાળ ખોટા રંગ સપનાના,
પછી થાનાર ઘટનાના હરખને શોક ને રડવાના.

છત્રવિજય—

સખી જોને કાંટો વાગ્યો ફુલડાં કેમ વીણ્યાં આ જાય?
છે જરાક જેવો કાંટો પણ અંતરમાં ઉઠે લાહ્ય-સખી.
પીડા કારમી હૃદયે જાગી ઝીણું ઝીણું ખટકે ઓય મા
શું થાય કઈ સમજાય નહિં જીવ જાય મધુરે ચટકે અરરર
પીડા આશી કહેવાય? ના સ્હેવાય
જીવડો જાય અરરર લપક લપક થ.ય—સાખી

સંસાર સાગર— (ગઝલ)

પૂછે મને તો હું કહું, દીલદાર હો તો આવી હો;
આંખો કહે જોવા ચહું, ચહાનાર હો તો આવી હો—
મસ્તીભર્યાં નયન શરે, રસીકનાં હૈડાં હરે;
જોનારને ઘાયલ કરે, તલ્વાર હો તો આવી હો—
સુપાભર્યાં અધરો પરે, અમૃત મધુર તરસ્યા કરે;
પીનારની તૃષા હરે, રસદાર હો તો આવી હો.—
શી ખબર અમૃત પીવાડી, અમર કરશે કે નહીં ?
અમૃત તણા પ્યાલા ભરી, પાનાર હો તો આવી હો.—

સંસાર સાગર—

સંસાર તણો સાગર તરવા, અભિમાન કોઈ ના કરશો;
છે કામ, ક્રોધ, મદ, મોહ ભર્યો; એ મહાસાગર કયમ તરશો;
—સંસાર

જો વિષય તરંગે લલચાશો;
તો વિષમ ખડકમાં અથડાશો.

નીતિ તણી નહીં નાવ હોય તો અધવચમાં ડુબી મરશો;
સદ્ધર્મ તણો નહીં હશે સુકાની, તો કયમ પાર ઉતરશો ?

સજ્જન આ સંસારનો, કોઇ ન પામ્યા પાર;
ડુબાવનારા બહુ વસે, કોઈક જ તારણહાર.

સ્વચ્છંદ સફર જો કરશો, મુજ માફક ઝુરી મરશો,
એ મહાસાગર કયમ તરશો—સંસાર.

સંસાર સાગર— (ગઝલ)

રસીલાં હૃદયના કોઇએ કરો ના ભરોસા,
છે બળતા અંગાર સમાં એ બાળી જશે.—
પુષ્પો સુંવાળાં માની પ્રીતે સાચવશો તો યે;
કારમા ડંખ તમને મારી જશે..............
ભોળાં પ્રવાસી મનોરથ ઘેલાં;
જગતના પંથ બાપુ! કાંટા ભરેલા,
ફૂલોનાં બીછાનાં માની ભરમે ના ભુલતાં,
પાસે જશો તો ઝેરી નાગો હશે.—

સંસાર સાગર— (ગઝલ)

જીવ બાળીને જીવાશે ક્યાં સુધી ?
આગ દિલડાંની છુપાશે ક્યાં સુધી ?—
જીગરને પૂછી જુવો તો એ કહે,
કે જુવાની વ્યર્થ જાશે ક્યાં સુધી ?—
કામના આગન બુઝાવા આંખથી
આંસુઓ ઢાળી શકાશે ક્યાં સુધી ?—
છે પીયુષ પાસે છતાં સંકોચમાં
સાવ તરસ્યાં રહી ખડાશે ક્યાં સુધી?—

સંસાર સાગર—

જરા કહોજી રસરાજ આપ સ્નેહી થશો ?
હૃદયસ્વામી થશો, કે પ્રણયગામી થશો ?
ભોગી રસના થશો, કે યોગી સ્નેહના થશો ?—જરા

નથી ભોગી સુંદરતાનો, સ્નેહનો હું યોગી,
વિલાસનો ન ભુખ્યો, નહીં વાસનાનો રોગી;
રમણી થશો, કે સ્નેહ રાણી થશો ?—જરા
સ્નેહ બંધનથી સ્નેહીને આમ બાંધજો;
થજો એમનાં તમે, ને એ તમારા થજો—જરા.

શુકદેવજી—

(શુકદેવજી અને ગંગામૈયાનો સંવાદ.)

—મ્હારે જનમ નથી લેવો.
ઓ જમાના મૈયા, મારે જનમ નથી લેવો.
હું તો જનમ જોગી એવો.
ઓ જમના મૈયા, મારે જનમ નથી લેવો.
—આતે તમારો જોગ કેવો ?
જનમ જોગી, આતે તમારો જોગ કેવો ?
—અભય કવચ, તને આપું હો વ્હાલારે.
ના હોય ટાઢ કે પરસેવો— જનમ જોગી.
—પ્હેરવાની બાધા મ્હારે, ઓઢવાની બાધારે;
અમે ધર્યો છે જોગ એવો— ઓ જમના.
—અક્ષય પાત્ર હું, આપું છું વ્હાલારે,
જમો મીઠાઈને મેવા— જનમ જોગી.
—ખાવાની બાધા મ્હારે, પીવાની બાધારે;
મેં તો કર્યો છે નીમ એવો— ઓ ગંગામયા.

--વેદ ચારેનું જ્ઞાન, પાગ્યો તું વ્હાલારે;
શ્રુતિ સ્મૃતિનો સાર લેવો-- જનમ જોગી.
--શ્રુતિ ને સ્મૃતિ મ્હારે નામ હરિનુંરે,
હું તો જનમ જોગી એવો— સરસ્વતિ મૈયા

શુકદેવજી—

(શુકદેવજી સંસાર તજે છે તેની માતા ના કહે છે)

ના ના ન્હાનડીયા જાયા (૨)
નહી જાવા દઉં લાડકવાયા ! ના. ના.
હજી તું છે નાનો બાળ,
તારે નથી તપનો આ કાળ,
નહીં જાવા દઉં લાડકવાયા ના ના.
બાર વર્ષ મેં ઉદરે રાખી,
વૃથા વહ્યો શું ભાર ?
નહીં જાવા દઉં નયન સલુણા (૨)
આત્મ તણા આધારરે— ના ના.

શુકદેવજી—

(વારાંગનાઓ શુકદેવનું તપ છોડાવા જાય છે)

સાંવરીયાને જોગ લીયો, અબ કીસ બીધ પાસમેં જાઉં–સાં૦
ગોરસ મટકીને મહી જમાવું, ગ્વાલન બનાકે મેં જાઉં–સાં૦
પુલનકી કુલ છાબ બનાઉં, માલન બનકે મેં જાઉં–સાં૦
ગોરે ગોરે અંગપે ભભુત લગાવું, જોબન બનકે મેં જાઉં–સાં૦

શુકદેવજી—

નથી આ બોલ જરા ખોટો,
ઓ બાલ મુની, નથી આ બોલ જરા ખોટો;
વૈકુંઠ માંહી વિષ્ણુ ને લક્ષ્મી,
બ્રહ્મા સાવિત્રીનો જોટો;
માયા મહેશ્વર જુદાં નથી,
છે મહિમા માયાનો મોટો.... .... ઓ બાલ.
—ભલા ભલાએ ભુલ ખાધી સંસારમાં,
ચાખ્યો માયાનો સોટો;
શાને તમે બ્રહ્મચારી રહ્યા ?
કહો શાને તમે બ્રહ્મચારી રહ્યા ?
આ તો પકડયો અમારો ટોટો.... .... ઓ બાલ.

શુકદેવજી—

સુત સપુત પાછા વળો, સુણો હીતનીરે વાત.
શાને ઘેલા થઈ ઘર તજો ? માતને તાત—સુત.
—પુજ્ય પિતાજી પાછા વળો, જાણી હીતની મેં વાત,
કોણ પીતા કોણ પુત્ર છે, કોણ માતને તાત—પુજ્ય.
—માતા તમારી રૂદન કરે, નાખી નાંખી નીશ્વાસ,
દ્યો કૈં આશ્વાસન તેહને, કરો શાને નિરાશ.
—લક્ષચોરાશીમાં હું ફર્યો, બન્યો સઘળે નિરાશ.
અવતાર ધરીયા અનેક મેં, પુરૂં કોની હું આશ-પુજ્ય.

શુકદેવજી—

મોરલા મઢાવું, ચાંચ ત્હારી સોનાથી;
કૈંક ટૌકા કરીને, જોગીરાજને જગાડ,
જોગીરાજને જગાડ, વીરા માનુ તારો પાડ....મોરલા.
વર્ષાના વિલાસી, તપોવન વાસી,
કલાધાર કલા તું તારી દેખાડ (૨)... મોરલા.

શુકદેવજી—

ભગા તારૂં ભાગ્ય ખુલ્યું;
તારૂં ભાગ્ય ખુલ્યું હવે ભલો જડયો છે ઉપાય-ભગા.
આંખોની વચ્ચે નાક નડે તેથી,
પરભુ ન દેખાય...
આ નાક વચ્ચેથી જાય.
પછી ભગવાનનાં દર્શન થાય;
મારા જેવા હોને કરૂં તો પુછયાની ખો ભુલી જાય-ભગા.

શુકદેવજી—

ક્ષમા એજ ભુષણ શુરવીરનું,
ક્ષમા ભુષણ છે શાણાનું;
દયા એજ ડહાપણનું ઘર છે,
હિંસા એજ દિવાનાનું.... ....જુઓ.
વિદ્વાનોનું ભુષણ વાણી,
સાધુ લે સાધુતા જાણી;
ક્રોધ કર્મ છે બહુ નઠારૂં
હોય રંક કે રાણાનું.... .... જુઓ. ...

શુકદેવજી—

સુખ દુઃખ મનમાં કારણુ સજની,
મન પર સૌ આધાર;
જેનું મન જેથી માન્યું, તેમાં સુખ તેને સ ર....સુખ.
યોગી છે યોગે ગાજી, (૨)
ભોગી ઉપભોગે રાજી, (૨)
રાજી વનવાસી વન મોઝાર... સજની.
સજની રાજી જેના જેવો અધીકાર;
ડહેલે ઘરબારી રાજી, (૨)
મ્હેલે દરબારી રાજી, (૨)
રાજી જેના જેવો અધીકાર;
સજની રાજી જેનો જેવો અધિકાર.... સજની.

શુકદેવજી —

સુખીયા જન મનથી
સુખીયો સંસાર છેજી;
દુઃખીયાને દુઃખ પરમાણે,
દુઃખીયો વ્હેવાર છેજી;
રોગીનું દુઃખ નિરોગી,
ભુખનું નવ જાણે ભોગી;
અનુભવથી જાણે, કેવો સંસારે સાર છેજી.—સુખીયા

રા' માંડલીક—

હઉં હું દોષ કોને હાં, સમયની જ્યાં બલિહારી,
સમયની જ્યાં બલિહારી, મનુષ્યની ત્યાં છે લાચારી,
હતો અમ દેશ આતો, જ્યાં પ્રભુ અવતાર પણ લેતા.
અરે આ દેશ એનં એ, સમયની છે ગતી ન્યારી.
અમારા દેશનાં ચેતન, અમારાં તેજને ગૌરવ,
અકાળે હાય કરમાયાં, હજીયે શી થનારી છે.

દેશ ભક્તિ—

સજ્યાં ચોળીને સાડી, બન્યાં રમણી રૂપાળી,
જરા નખરેથી ચાલો બ્રહ્મચારીજી.
ચાલું હંસલણીની ચાલ, તાણું ભ્રકુટી સમાન.
બને પુરૂષો બેહાલ, જોઈ નાજની.
મીઠાં ઘેબર જલેબી રોજ સાથે જમીશું
તમે રાધા હું કૃષ્ણ રાસ રંગે રમીશું-સજ્યાં.

સતિ દ્રોપદી—

હું કરૂં આ મેં કર્યું એ માનવી મીથ્યા બકે,
ઈશની આજ્ઞા વિના ના પાન પણ હાલી શકે;
ચંદ્ર તારા સુર્યને ગ્રહની ગતિ આધિન છે.
કિરતારની ન્યારી કળા જ્યાં સર્વ પ્રાણી દીન છે.
કલ્યાણ દાતા છે વિધાતા અંતના ભગવંતરે,
તે નિરંજન નાથને નમીએ નિરંતર અંતરે.

JAIN VIJAYANAND PRINTING PRESS. KANPITH BAZAR SURAT.